॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ બધી દોડ વ્યર્થ છે ॥

આપણને પ્રભુની નહિ, સંસારની અભીપ્સા રહે છે; પણ બધું મેળવી લીધા પછી બધું વ્યર્થ લાગે છે. હાથમાં આવતાં જ બધી વસ્તુઓની નિરર્થકતા સિદ્ધ થઈ જાય છે. જે દૂરથી સુવર્ણ લાગે, શુદ્ધ લાગે પણ જેમ જેમ પાસે આવે તેમ અશુદ્ધ માટી લાગવા માંડે છે.

એક 'યુનાની કથા' મિડાસની છે. મિડાસને એવી સિદ્ધિ પ્રાપ્ત થઈ હતી કે જેને પણ એ સ્પર્શશે તે સોનું થઈ જશે. પણ આ સિદ્ધિએ તો તેને મુશ્કેલીમાં મૂકી દીધો. એ પત્નીને અડ્યો તો એ સોનું થઈ ગઈ. ભોજનને અડ્યો તો તે સુવર્ણ થઈ ગયું. પાણી પીવા ગ્લાસ ઊઠાવ્યો તો તે સોનાનો થઈ ગયો. હોઠ સુધી પાણી લઈ ગયો તો તે સોનું થઈ ગયું ! લોકો એનાથી દૂર ભાગવા માંડ્યા. સમ્રાટ હતો, આખું સામ્રાજ્ય એનું હતું પણ એ એકલો થઈ ગયો. અને તે ભૂખે મરવા માંડ્યો. ચીસ પાડી ઊઠ્યો; 'હે ભગવાન ! તેં આ શું કરી નાખ્યું ?'

આમ મિડાસનું વરદાન અભિશાપ બની ગયું. જે દિવસે આપણને આવો અનુભવ થશે કે ભૌતિક પદાર્થોની અભીપ્સા વૃથા છે, એ માટેની દોડ વ્યર્થ છે. ત્યારે આપણે એ જગ્યાએ ઊભા રહી જઈશું જ્યાં પરમાત્મા છે.

બધી દોડ વ્યર્થ જણાતાં આંખ ઊલટી થઈ જશે; જે અત્યાર સુધી બહાર જ દેખતી હતી તે હવે ભીતર જોવા માંડશે. પછી સંસારમાં કંઈ જોવા જેવું, પામવા જેવું નહિ રહે. આમ, વાસના જ પરમાત્માથી દૂર રાખે છે પણ નિર્વાસના પ્રભુપ્રાપ્તિનું દ્વાર બને છે.

**–સંકલન**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥

॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## ॥ 'યાત્રા' વિશેષાંક ॥

[પ્રભુ પ્રત્યેની 'પ્રત્યેક દોડ' સાર્થક છે. એનું એક નામ 'યાત્રા' છે.]

## ॥ 'યાત્રા' અંગેની એક સુંદર પ્રાર્થના ॥

**યાત્રાના આરંભે કરીએ પ્રાર્થના,**
**સાથી બનજો યોગેશ્વર પરમાત્મા.**
**સર્વ દેવ-દેવી અનુકૂળતા આપજો,**
**યોગેશ્વર પ્રભુ સઘળાં સંકટ કાપજો.**
**જીવનની મંગલ યાત્રામાં પધારજો,**
**સુખ શાંતિ સંતોષની મૂડી વધારજો.**
**નિદ્રા, આળસ, ક્રોધ ને થાક હઠાવજો,**
**સંસારી બંધનને સહેજે ભુલાવજો.**
**ગૃહસ્થીઓને સજ્જન સાચા બનાવજો,**
**ઉદારતા વળી પવિત્રતાને વધારજો.**
**પરમાનંદે સૌને મગ્ન બનાવજો,**
**સૌને આપનાં શ્રી ચરણોમાં રાખજો.**
**હરિના સ્મરણે સૌને મસ્ત બનાવજો,**
**જીવનયાત્રા પૂર્ણપણે શણગારજો.**
**સર્વેશ્વરીની વિનંતી પ્રેમે સ્વીકારજો,**
**જીવનયાત્રા સૌની સફળ બનાવજો.**

**—શ્રી'મા' સર્વેશ્વરી**



# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૫ |
| ૧. | શ્રી યોગેશ્વરકથામૃત | પૂ. શ્રી 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. | 'સદ્‌ગુરુવંદના' પદ પરિચય | શ્રી જ્યોત્સ્ના ત્રિવેદી | ૮ |
| ૩. | કર્પૂરવન-કાલીમંદિરની મંગલયાત્રા | શ્રી પૂર્ણિમાબેન | ૧૩ |
| ૪. | હૃષીકેશમાં 'પ્રકાશના પંથે'નું પારાયણ | શ્રી દિશા ટેલર | ૧૬ |
| ૫. | 'પ્રકાશના પંથે' પારાયણનો પ્રસન્નકર અનુભવ | શ્રી ચેતના | ૧૮ |
| ૬. | ચારધામ સાઈકલયાત્રા : 'મા' કૃપાઆશિષની હેલી | શ્રી અશ્વિન કાકા | ૨૦ |
| ૭. | અકલ્પનીય યાત્રા | શ્રી રાજીવ જાની | ૪૨ |
| ૮. | પ્રતીક્ષા કરે એ 'મા' | શ્રી દીપિક્ષા ભક્ત | ૫૫ |
| ૯. | અંતર્યામી 'મા'નો અનુગ્રહ | શ્રી લતા ભક્ત | ૫૬ |
| ૧૦. | મારા અચંબાનો પાર જ ના રહ્યો | શ્રી ભારતીબેન | ૫૭ |
| ૧૧. | પૂજ્યશ્રી'મા'ની પ્રાર્થનાનું રક્ષાકવચ | શ્રી રંજનબેન લાડ | ૫૮ |
| ૧૨. | અંતર્યામી 'મા' સર્વેશ્વરી | શ્રી મીના કોટેચા | ૫૯ |
| ૧૩. | ઈષ્ટદેવને જ ભજો | શ્રી ઉપાસના ભાવસાર | ૬૦ |
| ૧૪. | પૂજ્ય 'મા'ની દિવ્યદૃષ્ટિ | શ્રી તેજસ ભટ્ટ | ૬૧ |
| ૧૫. | દિવ્ય પ્રસાદીનું રક્ષાકવચ | શ્રી રેણુકા મહેતા યાજ્ઞિક | ૬૨ |
| ૧૬. | શ્રી શબ્દ પૂ.'મા'ના ને સ્વર મારો ! | શ્રી સુકૃતિ જાની | ૬૩ |
| ૧૭. | જેવી પ્રાર્થના તેવો પ્રત્યુત્તર | શ્રી મોક્ષા જોશી | ૬૪ |

## નિવેદન : શ્રદ્ધાના આકાશથી કોઈ આકાશ મોટું નથી

'સ્વર્ગારોહણ' આવતા સાધકની પ્રત્યેક સાત્ત્વિક ઇચ્છા પરિપૂર્ણ કરવા હંમેશ તત્પર પરમ પૂજ્ય શ્રી 'મા' માટેની અખંડ શ્રદ્ધા જ આપણા સદ્‌ગુરુ ભગવંતની જન્મશતાબ્દી વર્ષમાં યોજાયેલી પ્રત્યેક યાત્રા માટેનું અદ્‌ભુત પ્રેરકબળ બની રહી. પોતાના સાહસને અપ્રતિમ સાધનામાં રૂપાંતરિત થતું જોઈ પ્રત્યેક યાત્રિક પ્રભુકૃપાનો ધબકાર એમાં અનુભવી ધન્ય બન્યો. પરમ પ્રેમમયી 'મા'ના પ્રેમ-કરુણાના અસ્ખલિત પ્રવાહથી ભીંજાઈ તરબતર થઈ ગયો અને સાથે જ પ્રેમાળ ભક્તજનોના સાથ-સહકાર-સહયોગથી અનેરી સાર્થકતા અનુભવી રહ્યો.

પ્રત્યેક યાત્રી પછી તે પદયાત્રી હોય કે સાઈકલયાત્રી, સ્કૂટરયાત્રી હોય કે બાઈકયાત્રી, બસયાત્રી કે ટ્રેનયાત્રી હોય એનો હેતુ ચોક્કસ કિ.મીનું અંતર ન રહ્યો પણ હિમાલય, સત્યપથ, સરોડા, કર્પૂરવન, ચારધામ, હૃષીકેશ, હરદ્વાર કે દેવપ્રયાગ તેમનાં ગન્તવ્યસ્થાન હતાં. વળી, કવિવર ટાગોરની જેમ તેણે જાણે કહ્યું; 'મારું તીર્થસ્થાન યાત્રાને અંતે જ નથી આવતું. રસ્તાની બંને બાજુ વસેલાં દેવસ્થાનો પર મારા વિચારો હરદમ કેન્દ્રિત રહે છે.' અર્થાત્ આ યાત્રીઓની પ્રત્યેક ક્ષણ પ્રભુમય રહી, ચૈતન્યવિસ્તાર સાધતી રહી.

યાત્રા, સ્મરણ, પારાયણ કે પ્રાર્થના કરનાર 'સ્વર્ગારોહણ'ના પ્રત્યેક જિજ્ઞાસુને પ્રતીતિ થઈ ગઈ કે; 'આપણી સાથે એક શક્તિ છે, નૂર છે જે હંમેશાં આપણી આસપાસ રહી, આપણી નિરંતર રક્ષા કરી રહ્યું છે. એ નૂર જો આપણી ભીતર, આપણા અસ્તિત્વના અંશ સાથે ઓતપ્રોત થઈ જાય; પ્રભુશ્રદ્ધાને સમાંતરે આત્મશ્રદ્ધા છલોછલ થઈ જાય પછી બધું જ સહજ, સદા આનંદમય બની જાય અને આપણી 'સમગ્ર જીવનયાત્રા' જ ધન્ય, સાર્થક થઈ જાય.'

'સ્વર્ગારોહણ' આવનાર પ્રત્યેક જિજ્ઞાસુની પ્રત્યેક શુભવૃત્તિ-પ્રવૃત્તિ પ્રતિફલિત થવાનું એકમાત્ર કારણ પૂ.શ્રી'મા'ની અનહદ કૃપા છે અને એમાં રહેલી અમીટ શ્રદ્ધા છે. સાચે જ, શ્રદ્ધાનો કોઈ વિકલ્પ નથી. શ્રદ્ધાના આકાશથી કોઈ આકાશ મોટું નથી.



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૯૬**

**તા. ૨૦-૨-૮૩, રવિવાર, ફાગણ સુદ સાતમ ૨૦૩૯ ડરબન શહેર**

આજે સવારના એકસરખા નિત્યક્રમ પછી ભાખરી ને શાકનું ભોજન લીધું. ભોજન પહેલાં પૂ.શ્રી શ્રી રતિભાઈને થોડી કસરતો બતાવે છે. વળી, શિબિરની તેમ જ માતાજીની વાતો કરે છે.

ભોજન બાદ શ્રી રતિભાઈ પૂ.શ્રી પાસે આવે છે. પૂ.શ્રી બાગમાં દરરોજની જેમ આંટા મારે છે. શ્રી રતિભાઈ થોડા ફોટાઓ લે છે.

બપોરે બે થી ત્રણ સુધી આરામ કરીને શ્રી રામકૃષ્ણ સૅન્ટર, એસેવીલ જવા નીકળીએ છીએ. ત્યાં દર રવિવારે ચાર વાગ્યાથી સત્સંગનો જાહેર કાર્યક્રમ હોય છે. એમાં આજે પૂ.શ્રીનું અંગ્રેજીમાં પ્રવચન ગોઠવાયેલું છે.

રાહ જોતા શ્રોતાજનોને પૂ.શ્રીના આગમનની જાણ કરીને સ્વામી શ્રી શિવપાદાનંદ સૌને ઊભા થઈને સન્માન આપવાની સૂચના આપે છે. સૌ ઊભા થાય છે. સ્વામી શિવપાદાનંદજી સાષ્ટાંગ પ્રણામ કરે છે.

સ્વાગતના બે શબ્દો કહેવાય તે પહેલાં ત્રણચાર ભજનો શ્રોતાઓમાંથી સંગીત સાથે ગવાય છે.

'નામ-સ્મરણ' ઉપર આજનું પૂ.શ્રીનું પ્રવચન એક કલાક ચાલ્યું.

ત્યારપછી મારે એક ભજન ગાવું એવો આગ્રહ થયો, જેથી મેં એક ભજન ગવડાવ્યું. ત્યારબાદ બીજાં ત્રણેક ભજનો ગવાયાં. છેવટે આભારદર્શન બાદ અમે ત્યાંથી વિદાય લીધી.

ડિવાઈન લાઈફ સૅન્ટરની રિઝર્વહીલની સંસ્થામાં આવી ગયાં. અહીં એક કલાક પૂ.શ્રીએ 'ગીતાનો કર્મયોગ' ઉપર અંગ્રેજીમાં પ્રવચન આપ્યું. 'મારે એક ભજન ગાવું જ' એવો સ્વામી શ્રી સહજાનંદજીનો આગ્રહ થતાં મેં એક ભજન ગવડાવ્યું. પછી આભારદર્શન થયું.

ત્યારબાદ એક ધૂન ગવાયા પછી હનુમાનચાલીસાનો સમૂહમાં પાઠ થયો.

પૂ.શ્રીનો વિચાર તા. ૨૭મીએ પણ એક પ્રવચનનો લાભ આ સંસ્થાને મળે એવો હતો. જોકે તે તારીખે બીજાં બે પ્રવચનો બીજે ગોઠવાયેલાં છે, છતાં જેટલો પણ વધુ લાભ જનતાને મળે તેટલું સારું; ભલે પોતાના શરીરને શ્રમ પડે. આવા વિચાર સાથે પૂ.શ્રી એ માટે તૈયાર થયા.

ઉતારા ઉપર આવ્યા પછી વડોદરાથી શ્રી જીતુભાઈનો ફોન આવ્યો. જેથી તેમની સાથે થોડી વાતો થઈ.

ફળાહાર લઈને, દૂધ પીને આરામ કર્યો. તે પહેલાં પૂ.શ્રીની હાર્ટઍટેકની માંદગીની વાતો થઈ.

**હરિઃૐ**

**—પૂ.શ્રી'મા' સર્વેશ્વરી**



## ॥ સદ્ગુરુવંદના ॥

સાબરમતીને ધન્ય કીધી જન્મથી જેણે ખરે,
જે બ્રહ્મકુળ જ્યોતિર્મયીના અંકને પાવન કરે,
સર્વેશ્વરી કાજે પધારે પૃથ્વી પર પરબ્રહ્મ જે,
તે સર્વેશ્વરીના નાથ યોગેશ્વર પ્રભુ નમીએ અમે,

સર્વેશ્વરીની બાળવયથી કીધી રક્ષા જેમણે,
ને સર્વ બંધન ક્ષણમહીં છોડાવી દીધાં જેમણે,
સત્સંગમાંથી શોધીને સાન્નિધ્ય દીધું જેમણે,
તે સર્વેશ્વરીના નાથ યોગેશ્વર પ્રભુ નમીએ અમે,

સર્વેશ્વરીના તનમહીં નિત શક્તિરૂપે જે વસે,
વળી એજ કંઠે મધુર સ્વરથી ગીત ગાનારા ખરે,
ને ચરણના ચાલક બની જે વૈષ્ણવી દર્શન ધરે,
તે સર્વેશ્વરીના નાથ યોગેશ્વર પ્રભુ નમીએ અમે,

સર્વેશ્વરીને તીર્થયાત્રાનું પરમસુખ જે ધરે,
અનુકૂળતાનો અર્ધ્ય ધરતા કષ્ટને કાપે જે,
ગંગાજીના દર્શન તણું સૌભાગ્ય ધરતા જે ખરે,
તે સર્વેશ્વરીના નાથ યોગેશ્વર પ્રભુ નમીએ અમે,

સર્વેશ્વરીનો સાદ સુણીને જગન્નાથ પધારે જે,
શ્રી સમંદરનું રૂપ ધારીને સૌને સ્નાન કરાવે જે,
ને હરિદ્વારે નીલધારાનું પૂજન સ્વીકારે જે,
તે સર્વેશ્વરીના નાથ યોગેશ્વર પ્રભુ નમીએ અમે,

સર્વેશ્વરીને સોમનાથે માળ ધરી સન્માને જે,
શીરડીમહીં શ્રીફળ ધરીને સ્નેહથી સંભાળે જે,

તે સપ્તશૃંગીમાં સ્ત્રીરૂપ ધરી વધાવે છે ખરે,
તે સર્વેશ્વરીના નાથ યોગેશ્વર પ્રભુ નમીએ અમે,

સર્વેશ્વરીની આરતી વિરૂપાક્ષી ગુફામાં કરે,
ને વૈષ્ણવીના પર્વતે યુવારૂપે વંદન કરે,
જે સદ્‌ગુરુસ્વામી બની માનવરૂપે લીલા કરે,
તે સર્વેશ્વરીના નાથ યોગેશ્વર પ્રભુ નમીએ અમે,

સર્વેશ્વરીની વિષધર ને કાચથી રક્ષા કરે,
શીલાથકી ઉગારીને જે વાળ વાંકો ના કરે,
તે વિવિધરૂપ ધારણ કરીને અવનવી શિક્ષા ધરે,
તે સર્વેશ્વરીના નાથ યોગેશ્વર પ્રભુ નમીએ અમે,

સર્વેશ્વરીની સખી બનીને સ્નેહ સાચો જે કરે,
ને પ્રાણપ્યારા પૂર્ણ પુરુષોત્તમરૂપે સાથે ફરે,
તે ભવનદીને પાર કરતા મુક્તિધામ ધરે ખરે,
તે સર્વેશ્વરીના નાથ યોગેશ્વર પ્રભુ નમીએ અમે.

**–શ્રી 'મા' સર્વેશ્વરી**

## ॥ પદપરિચય ॥

પૂ.'મા' શ્રી સર્વેશ્વરી રચિત આ વંદના અથવા પ્રાર્થના ગુરુએ કરેલી અસાધારણ કૃપાનો કૃતજ્ઞતાભાવ છે. ઉપકારોનું પ્રેમપૂર્વકનું સ્મરણ છે. જ્યાં જીવન જ ગુરુનો ધબકાર છે. ત્યાં ક્ષણેક્ષણે પ્રાર્થના, પ્રણામ અને વંદના છે. પ્રત્યેક ક્ષણ એમણે વરસાવેલા આશીર્વાદની મહામૂલી ભેટ છે. આ વંદનાની અંદર શ્રી શ્રી 'મા'એ પામેલી અનુભૂતિ છે. બનેલી મહત્ત્વની ઘટનાઓ છે.

સાબરમતીને ધન્ય કીધી જન્મથી જેણે ખરે, જે બ્રહ્મકુળ જ્યોતિર્મયીના અંકને પાવન કરે. આપણે નિત્ય ગુરુલીલામૃતમાં



ગાઈએ છીએ. સાબરમતીને તીરે સરોડાધામ જો તો આ સાબરમતીના ખોળે વસેલું સરોડાધામ પ્રભુની જન્મભૂમિ છે. જ્યાં તેમણે બાળપણનાં નવ વર્ષ ગુજાર્યા છે એ ભૂમિને તેમણે જન્મ લઈ પવિત્ર કરી છે, તે નદીને ધન્યતા અર્પી છે. ત્યાં વસતા ઔદિચ્ય બ્રાહ્મણપરિવારના એ સંતાન છે. જન્મદેનાર 'મા' જ્યોતિર્મયીના ખોળાને પાવન કરી દીધો છે. માત્ર પાવન નહિ પવિત્રતમ કરી દીધો છે. માતાને પુત્રજન્મનું ગૌરવ ધર્યું છે.

સર્વેશ્વરી કાજે પધારે પૃથ્વી પર પરબ્રહ્મ જે તે સર્વેશ્વરીના નાથ યોગેશ્વર પ્રભુ નમીએ અમે. આપણા પ્રભુ ખરેખર પરબ્રહ્મ સમા જ છે. જે પંક્તિ એમણે ''એવા ગુરુને પદે' પદમાં ગાઈ છે. તે તેમને સંપૂર્ણપણે લાગુ પડે છે. ''એ છે પરબ્રહ્મના જ સ્વરૂપ સમા, વ્યાપ્યા વ્યોમ ધરા આખા બ્રહ્માંડમાં.'' પ્રભુ યત્ર તત્ર સર્વત્ર વ્યાપ્ત છે. શ્રી શ્રી 'મા'નું અવતરણ કરવા માટે એ પ્રભુ પ્રથમ પૃથ્વી પર પધારે છે હિમાલયમાં હાડ ગાળી નાખનારી સાધના કરે છે. કેવી કઠોર તપશ્ચર્યા પછી શ્રી શ્રી 'મા'નું આ પૃથ્વી પર અવતરણ શક્ય બન્યું છે. એ પ્રભુએ વિશ્વને ધરેલી સર્વોત્તમ ભેટ છે. પ્રભુને ઉપકારવશ થઈ શ્રી શ્રી 'મા' પ્રભુને નમન કરે છે. વંદન કરે છે. વંદન તો સહુને બંધનમાં નાખી દેવાની ક્રિયા છે. પૂ.શ્રી'મા' પણ ખૂબ પ્રેમપૂર્વક પ્રભુને વંદન કરી ઉપકારનું સ્મરણ કરે છે. પ્રભુને એ સ્વામિત્વ અર્પે છે. બંને પરસ્પર માટે પૂજ્ય છે. 'મા' પ્રભુને વંદે છે. પ્રભુ 'મા'ને. પણ અહીં પૂ.'મા' કૃતજ્ઞતાપૂર્વક પ્રભુને પ્રણામ કરે છે. આ પંક્તિ કાવ્યની ધ્રુવપંક્તિ છે. જેમાં વારે વારે વંદન છે.

સર્વેશ્વરીની બાળવયથી કીધી રક્ષા જેમણે ને સર્વબંધન ક્ષણ મહીં છોડાવી દીધાં જેમણે જન્મ પછી બે સપ્તાહની નાની વયમાં જેને કાળદેવતા પોતાને અંકે લેવા તૈયાર થઈ ગયા અને તેની તૈયારીરૂપે એ બાળાને વાટખર્ચી માટે અનાજની મૂઠીઓ પણ ભરાઈ ગઈ ત્યાં એક ચમત્કાર સર્જાયો. એ બાળાએ આંખ ખોલી, નવજીવન પામી જાણે સંજીવની પામી તો આ રક્ષા પણ

પ્રભુએ કરી. 'જેને રામ રાખે તેને કોણ ચાખે ?' તે ઉપકારની કૃતજ્ઞતા છે તો આ સંસારમાં ક્યારેય ઉઘાડી આંખે ન દેખાય તેવાં માયા, સ્નેહ, પ્રેમનાં બંધન પ્રભુની માંદગી સમયે ક્ષણના પણ વિલંબ વિના પ્રભુની સેવા માટે સર્વનો ત્યાગ કરીને 'મા' ખડે પગે સેવા માટે તૈયાર થઈ ગયાં. આજે પણ એ પગ સેવાનો પ્રકાર બદલીને ઊભો જ છે. ખૂબ અઘરી પ્રક્રિયાને પ્રભુએ જીવનમરણની બાજી ખેલી ત્યાગનો તાજ પહેરાવી દીધો. સહજ દેખાતું આ કાર્ય ખૂબ અઘરું હોય છે તે માટેની હિંમત ધરી અને એક જંગ જીતાઈ ગયો.

**સત્સંગમાંથી શોધીને સાન્નિધ્ય દીધું જેમણે,**
**તે સર્વેશ્વરીના નાથ યોગેશ્વર પ્રભુ નમીએ અમે.**

શ્રી શ્રી 'મા'ના આધ્યાત્મિક જીવનની શરૂઆત 'ગુજરાત મિત્ર' છાપામાં આવેલી આધ્યાત્મિક પ્રવચનની જાહેરાતથી સુરત સનાતન હૉલમાં થઈ. શ્રવણ, દર્શન, ધીમેધીમે સેવા અને સંપર્ક થયો. ક્યારેક પ્રભુએ સંકોચશીલ 'મા'ને લજામણીના છોડ જેવું સંબોધન કરી વક્તવ્ય માટે નિમંત્રણ પણ આપ્યું. યાત્રા માટે આમંત્રણ, દીક્ષા અને માંદગી પછી સતત સાન્નિધ્ય આપ્યું તે માટે તેઓ ખૂબ વિનમ્રભાવે પ્રભુને વંદન કરે છે.

સર્વેશ્વરીના તનમહીં નિત શક્તિરૂપે જે વસે, વળી એ જ કંઠે મધુર સ્વરથી ગીત ગાનારા ખરે સાવે પાતળી દેહયષ્ટિ અને તેમાં હમણાં જ શ્રી શ્રી 'મા'એ જણાવ્યું તે દેહને પૂરા બાર વર્ષના દિવસો માત્ર અન્ન નહીં પાણી પણ નથી મળ્યું તો તે દેહ સતત કાર્યરત તો છે જ. તો એની અંદર જે કાર્યશક્તિ છે તે પ્રભુએ જ ભરી છે તેવું પૂ.'મા' દૃઢપણે માને છે. ૨૦૨૧ની સાલમાં આવું તપશ્ચર્યાભર્યું જીવન એ દુર્લભ છે ! અરે તેનું દર્શન પણ દુર્લભ છે ! તો એ દુર્લભ જીવનનો શક્તિસંચાર આપણા પ્રભુ જ છે. પૂ.'મા'ની સર્વ શક્તિ અને ચાલક બળ તે પ્રભુને જ ગણે છે.

શ્રી 'મા'એ વૈષ્ણવીદેવીની યાત્રા પગે ચાલીને કરી. ઠંડો



પ્રદેશ પર્વતીય ચઢાણ, ઉપવાસી શરીર આ બધી જ વાતો યાત્રા માટે પ્રતિકૂળ ગણાય તેવી પરિસ્થિતિમાં પ્રભુ એ પગનું ચાલક બળ બન્યા એ યાત્રા પૂર્ણ કરાવી. હમણાં હમણાં પણ પૂ.શ્રી 'મા'એ ગાયું મારા હાથથી માળા કરતો મારા પગમાં શક્તિ ભરતો પ્રભુ પણ જાણે એ તપસ્વીજીવનને વરી ગયા.

પૂ.'મા'ની લેખનસેવા અને પૂ.'મા'નો મધુરકંઠ આ બંને પરિબળોએ પૂ.'મા'ને પૂ.શ્રીની નિકટ જવામાં ખૂબ મદદ કરી. શિબિરોમાં એમના કંઠના માધુર્યએ કંઈક સંમોહન કરી દીધું હોય. તેવું લાગ્યું પણ તેનું શ્રેય પણ પૂ.'મા' તો પ્રભુને જ ધરે છે કે આ મધુર કંઠથી ગીતો પણ પૂ.પ્રભુએ જ ગાયાં. અહંકાર શૂન્યતાની શ્રેષ્ઠ અવસ્થા અને એ ઉપકાર માટે પણ હે પ્રભુ આપને નમન છે.

સર્વેશ્વરીને તીર્થયાત્રાનું પરમસુખ જે ધરે, અનુકૂળતાનો અર્ઘ્ય ધરતા કષ્ટને કાપે જે, "પુનિત પગલાં પડે જ્યાં જ્યાં સદા તીર્થો જ પ્રગટે છે." એ ચરણ સ્વયં જ તીર્થોત્તમ છે. દેશ વિદેશની ગણતાં થાકી જઈએ એટલી યાત્રાઓ શ્રી શ્રી 'મા'એ કરી. એ યાત્રાઓ પૂ.શ્રી'મા'ને આહ્લાદક લાગી કારણ તેમના પ્યારા પ્રભુએ અનુકૂળ સહયાત્રીઓ અને તેમને મન જે નગણ્ય છે પણ દુન્યવી દૃષ્ટિએ ભૌતિક સગવડતાઓ ધરી ! ક્યારેક ક્યાંક વિઘ્નો આવ્યા હશે પણ હકારાત્મકતાના સ્વામિની એવા 'મા'ને તો તેમાં પણ અનુકૂળતાની પ્રતીતિ થઈ. હીથ્રો એરપોર્ટ પર કનેક્ટેડ ફ્લાઇટ ચૂકી ગયાં તો ૨૪ કલાકમાં એક લાખ જપ કર્યા. એટલે સર્વત્ર તેમણે તો જાણે અનુકૂળતાના પ્યાલા જ પીધા. અને એ પણ જાણે તેમને પ્રભુએ પાયા. અને સર્વ કષ્ટ દૂર કર્યા. જાણે કષ્ટ પણ કષ્ટ જેવાં કદિ તેમને ન લાગ્યાં.

**સર્વેશ્વરીનો સાદ સુણીને જગન્નાથ પધારે જે.**
**શ્રી સમંદરનું રૂપ ધરીને સૌને સ્નાન કરાવે જે.**

**–શ્રી જ્યોત્સ્નાબેન ત્રિવેદી**

# ॥ કર્પૂરવન-કાલીમંદિરની મંગલયાત્રા ॥

આપણા પૂ.શ્રી'મા'ની જન્મસ્થલિમાં પૂ.'મા'ની કૃપાથી આવવાનું બન્યું અને મહોત્સવમાં સહભાગી બનાવી.

આજે દશેરા :

● પૂ.બાપુજીની પુણ્યતિથિ

● કાલીમંદિરના નવસર્જનમાં ગુરુપૂજન

● સ્વર્ગારોહણથી કર્પૂરવન સાઈકલયાત્રીઓનો પૂર્ણાહુતિનો દિવસ.

સવારે ૮.૧૫ વાગે કર્પૂરવન કાલીવડ પાસે અમારી બસ આવી, સૌનું તાપમાન વગેરે માપ્યા પછી સૌ સ્વજનોનું ઉષ્માભર્યું સ્વાગત થયું.

સૌને દશેરાના પ્રસાદમાં (નાસ્તામાં) જલેબી, ફાફડા, ચટણી વગેરે મળ્યા.

શ્રી રાજુભાઈએ સ્વાગત પ્રવચન અને કાર્યક્રમની માહિતી આપી. મુખ્ય કાર્યક્રમ કાલીમંદિરમાં ગુરુપૂજનનો જ હતો. સાથે મંદિરમાં બિરાજતા ભગવાન શંકર, ભગવાન રામચંદ્રજી, ભગવાન કૃષ્ણ સાથે પૂ.શ્રી યોગેશ્વરજી અને પૂ.'મા' સર્વેશ્વરીનાં સ્વરૂપોને ગાદીમાં પધરાવવામાં આવ્યાં. સૌપ્રથમ હેમાબેને (વિઠ્ઠલબાઈની પુત્રવધૂ, શ્રી ભાસ્કરભાઈના પત્ની) સૌ ભક્તસ્વજનોનું ભાવભીનું સ્વાગત વાણીથી કર્યું એમની વાણીને વાંચીએ : 'પૂ.'મા' સર્વેશ્વરી 'મા'ના પિતાશ્રી, શ્રી ભાસ્કરભાઈના દાદા મારા દાદા સસરા કાળીદાસકાકા ૧૯૮૫માં ન્યૂજર્સી અમેરિકા અમારા ઘરે આવેલા ને ટૂંકી માંદગી પછી એમનું નિધન થયું. તેઓ અમેરિકા આવીને ખૂબ જ ખુશ હતા. ખાસ કરી ખેતીને લગતી આધુનિક ટૅકનિક જાણવાની ઉત્સુકતા હતી. આજે તેઓ હયાત હોત તો તેમના આ આધુનિક ઘરને જોઈને ખૂબ ખુશ થયા હોત અને સર્વેશ્વરી'મા'નો આભાર માન્યો



હોત. હું અને ભાસ્કરભાઈવતી સૌ સાધક ભક્તો અને સાઈકલયાત્રીઓને કાલીમંદિરમાં આમંત્રિત કરું છું. સૌને પ્રણામ ધન્યવાદ.'

ત્યારપછી પૂ.શ્રી'મા' પ્રભુની બે બાવની(સ્તુતિ) ને પ્રાર્થના થઈ.

'ૐ યોગેશ્વર રક્ષમામ્'

''મા' સર્વેશ્વરી પાહિમા ॥' ધૂનગવાતી રહી.

અને સંપૂર્ણ કાલીમંદિરમાં ગંગાજલનો છટકાવ સ્નેહલભાઈએ મંત્ર-ઉચ્ચારણ સાથે કર્યો. ઉંબરપૂજનની વિધિ મંત્રોચ્ચાર સાથે શ્રી હેમાબેન પાસે કરાવી અને હાર પાસે આગળ કંકુથી શુભ-લાભ લખાવ્યું ત્યારબાદ પૂજન પ્રારંભ પામ્યું શ્રી હેમાબેન પાસે ગાદીના દેવનાં સ્વરૂપોની પૂજા કરાવી, સૂરતના યજમાન શ્રી દીપકભાઈ-હીનાબેન પાસે. પૂ.શ્રી યોગેશ્વરજી-પૂ.'મા'ના સ્વરૂપની પૂજા થઈ. કર્પૂરવનના શ્રેષ્ઠી શ્રી હસુભાઈના પુત્ર-પુત્રવધૂએ પણ પૂ.શ્રી યોગેશ્વરજી અને પૂ.'મા' સર્વેશ્વરીનાં સ્વરૂપોનું પૂજન કર્યું. આખી પૂજા લગભગ ૩ કલાક ચાલી. તે દરમ્યાન ગુરુભગવંતની વિવિધ ધૂનો ચાલુ જ રહી.

હવે સાઈકલયાત્રીઓનું સન્માન થયું. કાલીમંદિરમાં ચાર ચારની ટૂકડીમાં ભાઈઓ ગયા સૌ ઉપર હેમાબેને ગંગાજીનો છંટકાવ કર્યો અને પૂ.'મા'એ પ્રસાદમાં આપેલી તુલસીની માળા શ્રી હસુભાઈએ પહેરાવી, તેમના પુત્રે સૌને ગુલાબનું ફૂલ આપ્યું અને ઉર્વશીબેને(કર્પૂરવન) તેમણે ચોકલેટ આપી. સૌ ભક્તોને હેમાબેન દ્વારા ચિકીનો પ્રસાદ મળ્યો.

સાઈકલયાત્રીના સન્માન વખતે પૂ.'મા'એ આપેલો પદ પ્રસાદ **"ચાલોને સૌ કર્પૂરવનમાં જઈએ, કાલીમંદિરે કીર્તન કરીએ"** અગિયારવાર ગવાયું. સૌ સાઈકલયાત્રી વતી શ્રી અશ્વિનભાઈએ સુંદર વાર્તાલાપ આપ્યો. અમારી આ સ્મરણયાત્રા હતી. પ્રત્યેક શ્વાસે અને પ્રત્યેક પૅડલે પૂ.'મા'નું સ્મરણ થતું રહ્યું.

'મા'ના સ્મરણ વિના અમારી આ સાઈકલ ચાલે તેમજ નહતી. આ યાત્રા દરમ્યાન પૂ.શ્રીએ જે યજમાન નક્કી કર્યા તેમનો અદ્‌ભુત પ્રેમ અને સૌ ભક્તોનો પૂ.'મા'-પ્રભુ માટેનો પ્રેમાદર અમારા સૌની શ્રદ્ધા-ભક્તિ વધારતી જ રહી. સંકટ સમયે પૂ.'મા'ની મળેલી મદદ પૂ.'મા' સાથે જ છે તેવી અનુભૂતિની વાતો એમણે સરસ કહી !

ત્યારબાદ શ્રી હસુભાઈનો ટૂંકો વાર્તાલાપ પ્રસંગોચિત થયો. અને શ્રી કાલીદાસકાકાના ગુણાનુવાદ પણ ગાયા.

બપોરે મહાપ્રસાદ હતો. કર્પૂરવનનું ભોજન અત્યંત સ્વાદિષ્ટ અને શાહી હતું.(લાપસી, દાળ-ભાત, ૨ શાક, પૂરી, સલાડ, પાપડ) સૌને પ્રેમપૂર્વક પિરસીને જમાડ્યા.

ભોજનબાદ તરત જ કાલીમંદિરમાં મૌનમાં જ પ્રેમસંગીતનો પાઠ થયો. ત્યારબાદ D.V.D.નું દર્શન થયું. શ્રી કાલીદાસકાકા વિશે શ્રી સંજયભાઈ તેમજ શ્રી જગદીપભાઈના વાર્તાલાપ સરસ ને સમજવા જેવા હતા. શ્રીકાલીદાસદાદા પ્રાતઃસ્મરણ શ્લોક, ગીતાનો અધ્યાય, નારાયણનું નામ જ લેતા. કેવટપ્રસંગ, 'શ્રી રામચંદ્ર કૃપાળુ ભજમન' પદ મધુર કંઠે સાંભળવા મળ્યાં, ખૂબ આનંદ થયો. પૂ.બાપુજી(કાલીદાસદાદા)ના મધુરકંઠે ગવાતાં પ્રત્યેક પદ, શ્લોક, કે ભજનથી તેઓશ્રી જાણે જીવંત સ્વરૂપે આપણી વચ્ચે હોય એવું લાગ્યું. ત્યારબાદ સંકીર્તનયાત્રા સાથે ઘરમાં પ્રવેશ કરાવી પાછળ વાડા સુધી 'ૐ યોગેશ્વર રક્ષમામ્'ની ધૂન થઈ. ત્યારબાદ બે બાવનીના ગરબા ગાઈને નવમંત્રગાન સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી. કર્પૂરવનનાં સ્વજનોનો પ્રેમભાવ, સત્કારની ભાવના અને પોતાનાપણાનું સ્મરણ કરતાં કરતાં આ યાત્રા સંપન્ન થઈ.

**–શ્રી પૂર્ણિમાબેન**



## ।। હૃષીકેશમાં 'પ્રકાશના પંથે'નું પારાયણ ।।

**(તા.૨૧ સપ્ટેમ્બર થી તા.૨ ઑક્ટોબર ૨૦૨૧)**

"અમે તો ગંગાદર્શને જઈએ અમારા દોષને ધોવા જઈએ." "પારાયણથી પાવન થઈને દર્પણ પ્રભુનું બનીએ તીર્થયાત્રા સાર્થક કરીને તીર્થસ્વરૂપ બની જઈએ."

તા.૨૧/૦૯/૨૦૨૧ થી અમારી આ તીર્થયાત્રા શરૂ થઈ અને પ્રભુના 'પ્રકાશના પંથે'ની યાત્રા સાથે એકરૂપ થઈ ગઈ. આ યાત્રાનો અંત થયો તેવું તો ના જ કહી શકાય કારણ કે આ યાત્રા તો જીવનપર્યંત ચાલુ જ રહેશે અને તે પછી પણ !

અમે સૌ પ્રભુની સંપત્તિ છીએ અને પ્રભુએ જ અમને સૌને (૩૦ બેનો) પસંદ કરી આ પારાયણની યાત્રામાં જોડાવાની તક આપી 'મા'નાં આ વાક્યો જ યાદ કરતાં અમે એક વિશેષ યાત્રામાં મા-પ્રભુની કૃપાથી સહભાગી થઈ શક્યાં.

યાત્રાઓ તો ઘણી કરી પણ આ યાત્રા અવશ્ય વિશેષ હતી. પ્રભુના શતાબ્દી વર્ષે અમે 'પ્રકાશના પંથે'નું પારાયણ કરી શક્યાં જાણે અમે ૧૯૨૧ થી ફ્લેશબૅકમાં જઈને પ્રભુના જન્મ થી સાધનાસિદ્ધિ સુધી યાત્રા કરી આવ્યા એમ લાગ્યું અને એ પણ હિમાલયની ગોદમાં રહી ! અને મા ગંગાના અંકે રમી 'પ્રકાશના પંથે'નું પારાયણ પૂર્ણ કર્યું.

આમ હિમાલય ગંગાજી અને 'પ્રકાશના પંથે'નો આ ત્રિવેણી સંગમ અદ્‌ભુત હતો. વળી 'મા'નાં બે સુંદર પદોની પ્રસાદીએ એની શોભામાં અનેકગણો વધારો કરી અમારા મનના ભાવોને પ્રાર્થનાસ્વરૂપે ધર્યો. 'મા'ના આશીર્વાદ અને કૃપાદૃષ્ટિથી જ આ પારાયણ પૂર્ણ કરી શક્યાં.

'પ્રકાશના પંથે' માંથી એ શીખવા મળ્યું કે;

- પ્રાર્થના દ્વારા જ બધું પ્રાપ્ત કરી શકાય.

* જીવનમાં કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિને અનુકૂળ બનાવવી અને ધીરજ કેળવવી.
* જે કંઈ થાય છે, જે પરિસ્થિતિ કે પ્રસંગ આપણા જીવનમાં આવે છે; તે આપણા સારા માટે જ હોય છે.
* સારા વિચાર, સદ્‌ગુણ અને સારી વાણી રાખી સારાં કર્મ કરવાં જોઈએ.
* જીવન જેમ તેમ જીવી ને વેડફી નથી કાઢવાનું તેનો સદુપયોગ કરી ધ્યેયપ્રાપ્તિ સુધી સતત મથતાં જ રહેવાનું છે. અને માર્ગમાં કેટલીય મુશ્કેલીઓ ચિંતાઓ આવશે તેનાથી ડર્યા વગર, પાછળ પડ્યા વગર ઈશ્વરમાં સતત શ્રદ્ધા રાખી સામનો કરવો.
* કેટલાય જન્મોથી જીવ ચાલ્યા કરે છે આ જન્મે જો સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થઈ માટે સાધના કરી અપરાધોની ક્ષમા માગી પવિત્ર પ્રભુપરાયણ જીવન જીવવું.
* જીવનમાં દુઃખ આવે ત્યારે બે હાથવાળા મનુષ્યની મદદ માગ્યા કરતાં હજાર હાથવાળાં સર્વસમર્થ 'મા'-પ્રભુની જ મદદ માગવી અને પ્રાર્થના કરવી.
* સૌ સાથે પ્રેમપૂર્વક વ્યવહાર કરવો કોઈની નિંદા ટીકા ઈર્ષ્યા ના કરવી માનવસ્વભાવ પ્રમાણે તે થઈ જાય તો ક્ષમા માગી તે દિશા તરફ સાવચેતીપૂર્વક રહેવું.
* જીવનનું સરવૈયું કાઢીને અવલોકન કરવું અને આગળ ને આગળ વધવું.
* એક આદર્શ માનવ બનવા પ્રયત્ન કરવો.
* સતત જાગ્રત રહેવું.

—આવી ઘણી બધી વાતો શીખવા મળી. જેટલીવાર આ દિવ્ય ગ્રંથ વાંચીએ તેટલીવાર અવનવી પ્રેરણા અને નવું નવું જાણવા મળે. જેમ ગીતામાં બધા પ્રશ્નોનું સમાધાન મળે તેમ



અમારા માટે 'પ્રકાશના પંથે'માં બધું જ સમાધાન મળી રહે. આ ગ્રંથ કોઈ સામાન્ય નથી માટે જ મેં નિયમ લીધો છે કે 'પ્રકાશના પંથે'નું રોજ એક પ્રકરણ વાંચવું.

પ્રભુનાં શ્રી ચરણો જે જે સ્થાનમાં વિહર્યા તે સ્થળમાં જઈને વાંચન કરવાથી એ પ્રસંગો તાજા થઈ જાય અને અનેરો આનંદ અનુભવાય. પ્રભુના સમગ્ર જીવનના સાક્ષી હિમાલય પર્વત, વૃક્ષો, શાંતા નદી, શાંતાશ્રમની કુટિર અને મા ગંગાજી તેમજ 'મા' સર્વેશ્વરીનાં ચરણમાં વંદન હો ! લક્ષ કોટી સાષ્ટાંગ નમસ્કાર હો !

'મા'-પ્રભુ સતત અમને જ જોયાં કરતાં. સતત સાથે જ રહ્યાં, અને પારાયણ પૂર્ણ કરાવ્યું. એ સતત અમે બધાંએ સામટું અનુભવ્યું. અંતે 'મા'ને એ જ પ્રાર્થના મારું જીવન 'મા-પ્રભુ'નું દર્પણ બની રહે. જીવનમાં ગુરુએ જે રીતે અસાધારણ જીવન જીવ્યા તે પંથે અમે આગળ વધીએ, ક્યારેય માર્ગના ભૂલીએ, નિયમિત બનીએ ને શ્રદ્ધા અખંડ રાખીએ. મા-પ્રભુ સતત સાથે જ છે પ્રાર્થના દ્વારા અમારી પડખે જ છે. તે ગુરુનાં ચરણમાં જ જીવન સમર્પિત હો અને આપના આ યુગકાર્યમાં અમે નિમિત્ત બનીએ જીવનના છેલ્લા શ્વાસ સુધી આ જન્મે અને અનેક જન્મે આપની અતિનિકટમાં નિકટ રહી શકીએ, સેવા કરી શકીએ તેવી કૃપા કરો તેવા આશીર્વાદ આપો.

**—શ્રી દિશા ટેલર**

❀

## ॥ 'પ્રકાશના પંથે' પારાયણનો પ્રસન્નકર અનુભવ ॥

તા.૨૧ મી ના રોજ અમારી યાત્રા શરૂ થઈ. જાણે અમારી સાંસારિક જીવનમાંથી એક આધ્યાત્મિક જીવનની એ યાત્રા હતી. ઋષીકેશ અમે પહોંચ્યાને સવારે 'પ્રકાશના પંથે પુસ્તક'નું

પારાયણ ગંગાજીના કિનારે શરૂ થયું. ત્યાંનું વાતાવરણ ખૂબ જ શાંત અને સુંદર, પવિત્ર હતું. પ્રભુના જીવનને અમે જાણે ખૂબ જ સરસ રીતે સમજી શક્યા. 'મા' અમારી કેટલી સરસ રીતે કાળજી રાખે છે તે એક પ્રસંગથી અમે અનુભવ પામ્યા. અમે ગંગાજીના કિનારે બધા પારાયણ કરતાં હતાં ત્યારે થોડા વાંદરાઓનું ટોળું અમારી બધાની આસપાસ રમવા માંડ્યું. અમારા સામાનને લેવા આવવા માંડ્યા. અમે 'ૐ યોગેશ્વર રક્ષમામ'ની ધૂન બોલવાની શરૂઆત કરી એટલે શાંતિથી જતા રહ્યા ! અને તરત જ 'મા'એ એક પદ મોકલી આપી અમને અનુભવ કરાવ્યો કે 'મા' સતત અમારી સાથે છે. એ પદ હતું કે પ્રકૃતિમાં પ્રભુને શોધી લઈએ. સૌથી રક્ષાયેલા રહીએ. દેવપ્રયાગમાં પ્રભુની તપોભૂમિમાં પારાયણ કરતાં ખૂબ જ શાંતિ મળી. હરિદ્વારમાં ગંગાજીનો પટ ખૂબ જ સુંદર છે. ત્યાં પારાયણ કરતાં મનને ખૂબ શાંતિ મળી. અમે ૩૦ બહેનો હતી બધા જ એકબીજાને ખૂબ જ સાથ-સહકાર આપતાં. અમે અનુભવ્યું કે અમારાં 'મા' પ્રભુનો પરિવાર કેટલો સુંદર છે. જાણે એક જ કુટુંબના સભ્યો ! પારાયણમાં પ્રભુના જીવનને સારી રીતે સમજી શક્યા. પ્રભુનો 'મા' માટેનો તલસાટ અને કેટલી પણ કઠિન પરિસ્થિતિમાં પણ 'મા'ની કૃપા મળે એ માટેના અથાગ પ્રયત્નો પરથી અમને પ્રેરણા મળી કે ગમે તેટલી કઠિન પરિસ્થિતિમાં પણ હિંમત ના હારવી જોઈએ. અમને પારાયણ કરવાનો 'મા' પ્રભુ એ જે લાભ આપ્યો એ માટે 'મા' પ્રભુ ! આપનો ખૂબ ખૂબ આભાર ! આવી રીતે વારંવાર 'મા' પ્રભુ અમને પ્રેરણા આપતાં રહે એવી 'મા' પ્રભુને પ્રાર્થના. એમના ચરણોમાં ચેતના તથા સમગ્ર પરિવારનાં કોટીકોટી વંદન. જય જય કૃપાળુ 'મા'.

**–શ્રી ચેતના**



## ॥ ચારધામ સાઈકલયાત્રા : 'મા' કૃપા-આશિષની હેલી ॥

પૂજ્ય શ્રી 'મા'નાં શ્રી ચરણોમાં કોટી કોટી પ્રણામ ! પૂજ્ય શ્રી 'મા' સર્વને પ્રેરણા ધરતાં રહે છે. અને યુવા બાળકો સાહસ કરે તેમ પણ ઈચ્છે છે. આ વર્ષે પારાયણ પર્વના પૂર્ણાહુતિના સમય પર પણ પૂજ્યશ્રી 'મા' એ બધાંને પૂછ્યું હતું કે આ શતાબ્દી પર્વે તમે સૌ શું કરવા માગો છો. ત્યારે અમે પૂજ્ય શ્રી 'મા' પાસે પદયાત્રા, સાઈકલ યાત્રા, અને પારાયણયાત્રા વગેરે યાત્રાઓના વિકલ્પો આપ્યા હતા. પછી એ વાત ત્યાં જ ભુલાઈ ગઈ. પરંતુ ૧૪-૧૫ ઑગસ્ટના કાર્યક્રમ વખતે પૂજ્ય શ્રી 'મા' એ ચારધામમાં આરતી અંગે આજ્ઞા આપી. ત્યારે મનમાં વીજળીની જેમ એક વિચાર ચમકી ગયો. ત્યાર બાદ ચાર બહેનોએ સત્યપથથી સ્વર્ગારોહણ ઍક્ટિવા-યાત્રા કરી ત્યાર બાદ રાજીવભાઈને પૂજ્ય શ્રી 'મા' એ પૂછ્યું; કે તમારે કોઈ યાત્રા કરવી નથી ? અને રાજીવભાઈએ પૂજ્ય શ્રી 'મા'ના બોલ ઝીલી લીધો અને હિમાલયમાં ચારધામ યાત્રાનું આયોજન વિચાર્યું. લગભગ ૧૪ જેટલા યાત્રીઓ તૈયાર પણ થઈ ગયા. પણ રાજીવભાઈ અને આનંદભાઈ બહેનોના પારાયણના સ્થળ તપાસ અને બુકિંગ માટે હરિદ્વાર જાય છે. ત્યારે એવા સમાચાર લઈને આવે છે. કે ચારધામ યાત્રા અંગે ૧૫ સપ્ટેમ્બરના રોજ કોર્ટનો ચુકાદો આવશે. બાકી ચારધામ ખૂલવાની શક્યતા ખૂબ ધૂંધળી છે. અને ત્યારે સૌના મનમાં એક નિરાશા વ્યાપી ગઈ. ત્યારે પૂજ્ય શ્રી 'મા'એ જાણે મનમાં વિચાર રમતો મૂક્યો. અને ચારધામ સાઈકલયાત્રાનો પ્રસ્તાવ મૂકાવ્યો. અને ત્યારે વિચાર કર્પૂરવનથી સરોડાથી 'સત્યપથ' થઈ 'સ્વર્ગારોહણ'ની યાત્રા વિશે વિચાર્યું હતું. અને એ માટે શ્રી રાજુભાઈ સાથે વાત થાય છે. અને શ્રી રાજુભાઈએ નવી દિશા સૂઝાડી. શ્રી રાજુભાઈએ

'સ્વર્ગારોહણ'થી 'સત્યપથ', સરોડા થઈ કર્પૂરવનની યાત્રા થાય તો કેવું ? અને અમે એ સૂચનને તુરત જ વધાવ્યું. અને એ માટે પૂજ્ય શ્રી 'મા'ને પણ જાણ કરી. પૂજ્ય શ્રી 'મા' એ પણ સંમતિ ધરી. અમારો નૈતિક જુસ્સો બુલંદ થયો. અને સાઈકલયાત્રાનો મૅસેજ ગ્રૂપમાં મુકાયો અને ૨૫ યાત્રીઓ અને ચાર સેવકો સેવા આપવા તત્પર હતા. અને આમ સાયકલયાત્રા માટેનો પાયો નંખાયો. હવે જ્યારે સાઈકલયાત્રા નક્કી થઈ ત્યારે ચારધામયાત્રા પણ ખૂલી ગઈ ! પણ ચારધામ બાઈકયાત્રાનો જે સમયગાળો હતો તે ૨૮ સપ્ટેમ્બર થી ૦૯ ઓક્ટોબર વચ્ચેનો હતો. પરંતુ મારે ઑફિસમાં તારીખ ૦૪/૧૦/૨૦૨૧ થી તા.૦૭/૧૦/૨૦૨૧ વચ્ચે પરીક્ષા હોવાથી ચારધામ બાઈકયાત્રામાં મારાથી જઈ શકાય તેમ નહોતું. અને ''ચારધામ સાઈકલ સાહસ સાધના-'મા' કૃપા-આશિષ હેલી-યાત્રા'' અમલમાં આવી.

આ યાત્રાનો રૂટ જોવા હું અને આશિષભાઈ નીકળ્યા અને શનિવાર અને રવિવારની રજાઓમાં લગભગ બધા રૂટ જોઈ અને અંદાજે જ્યાં જ્યાં વિશ્રામ ભોજન અને રહેઠાણ માટેની જગ્યાઓ તપાસી અને નક્કી કરી અને પૂજ્ય શ્રી 'મા' પાસે પ્રસ્તાવ મૂક્યો. અને પૂજ્ય શ્રી 'મા' એ બધા ઉતારા માટે મંજૂરી આપી અને શ્યાદલાનો ઉતારો પણ પૂજ્ય શ્રી 'મા' એ જ નક્કી કર્યો હતો. પૂજ્ય શ્રી 'મા' ઘણી વાર પૂછતા કે તમે સાચે સાઈકલયાત્રા કરવાના છો ને ? અને અમે કહેતા કે 'હા પૂજ્ય શ્રી ''મા'' ! અમે આપના કૃપાઆશિષથી સાઈકલયાત્રા કરવાના છીએ. અને આપ જ કરાવવાના છો.'

પૂજ્ય શ્રી ''મા'' એ સૌ પ્રથમ તા.૦૯/૧૦/૨૦૨૧ થી યાત્રા પ્રારંભ કરવા માટે સૂચન કરેલ હતું પરંતુ એક દિવસ વધારાનો રહેતો હોવાથી યાત્રા તા.૧૦/૧૦/૨૦૨૧ના રોજ



યાત્રા નક્કી થાય છે. આ બધું પૂજ્ય શ્રી 'મા'ની લીલા છે. આપણે મૂક સાક્ષી બનીને ઘટના જોયા કરવાની હતી. અને બધા યાત્રીઓને સંદેશો અપાઈ ગયો કે તા.૦૯/૧૦/૨૦૨૧ સાંજ સુધીમાં સૌએ અંબાજી પહોંચી જવું અને ઝનોરવાળા ભાઈઓ અને તારકભાઈ વ્યાસ સિવાય બધા તા.૦૯/૧૦/૨૦૨૧ના રોજ સ્વર્ગારોહણ આવી ગયા છે. પૂજ્ય શ્રી ''મા'' પાસે સાઈકલયાત્રીઓની બેઠકનું આયોજન થાય છે. અને પૂજ્ય શ્રી ''મા'' પાસે અધધ થાય તેટલી વસ્તુઓ પ્રસાદ માટે આવી છે. પૂજ્ય શ્રી ''મા'' તરફથી એક ટ્રાવેલ બૅગ બધાને પ્રસાદમાં મળે છે. ત્યાર બાદ રાજુભાઈ તરફથી પ્રસાદ, અરુણાબેન તરફથી એક થેલી પ્રસાદની પ્રાપ્ત થઈ છે ! (યાત્રાને લગતી તમામ વસ્તુઓ એ થેલીમાં ઉપલબ્ધ હોય છે.) ઉર્વશીબેન ગાંધીધામ તરફથી ડ્રાયફ્રૂટની પ્રસાદી મળી છે. હિરેનભાઈ રાજકોટ તરફથી પ્રસાદપ્રાપ્તિ થાય છે. પૂજ્યશ્રી 'મા' માર્મિક ટકોર કરતાં કહે છે : 'કોઈની પણ વસ્તુ ગ્રહણ કરતાં પહેલાં વિવેક રાખો. જ્યાં અને ત્યાં હા હા કરી કેટલું ભેગું કરશો ? આખો દિવસ ખા ખા કરશો તો માંદા પડશો.' પૂજ્ય શ્રી ''મા'' એ આ સાઈકલયાત્રા પૂરતો મને લીડર બનાવ્યો હતો. એટલે પૂજ્ય શ્રી ''મા'' પૂછે છે બેઠકમાં આ યાત્રાના લીડર કોણ છે ? તે ઊભા થાય એટલે અમે કહ્યું પૂજ્ય શ્રી ''મા'' લીડર તો આપ જ છો. અમારે તો લીડરનો કેવળ અભિનય માત્ર જ કરવાનો છે. પૂજ્ય શ્રી ''મા'' એ દીપકભાઈએ જે ટી શર્ટ અને ટ્રૅક બનાવડાવ્યું હતું તેના ખૂબ જ વખાણ કરે છે. 'ખૂબ જ કિફાયતી ભાવની એ વસ્તુ હતી અને પાછી સરસ પણ છે.' તેમ પૂજ્ય શ્રી ''મા'' કહે છે. અને શ્રી દીપકભાઈ અને શ્રી કનુભાઈ વિષે અમુક સૂચક વાતો લખીને ચર્ચા કરે છે. અને થોડા સવાલો પણ કરે છે. પૂજ્યશ્રી ''મા'' એમ પૂછે છે. 'બધા ભેગા સાઈકલ ચલાવશો ને ?'

તો બધા માથું હલાવી 'હા 'મા'.' કહી હકારમાં જવાબ આપે છે. અને પછી પૂજ્ય શ્રી 'મા' મને પૂછે છે તું ક્યાં સાઈકલ ચલાવીશ ત્યારે મે કહ્યું હું સૌથી છેલ્લે સાઈકલ ચલાવીશ. શ્રી ''મા'' કહે બરાબર છે. અને પૂછ્યું આખા દિવસમાં કેટલા કલાક સાઈકલ ચલાવવી પડશે તો અમે કહ્યું કે સવારે ૪ કે ૫ કલાક અને બપોર પછી ૪ કે ૫ કલાક સાયકલ ચલાવવી પડશે. આ યાત્રા માટે હું પૂજ્ય શ્રી ''મા'' પાસે એક પદની માગણી કરું છું. અને પૂજ્ય શ્રી ''મા''એ બહેનોની પારાયણયાત્રા વખતે રચેલું પદ શ્રી મયૂરીબેનને ગાવાની આજ્ઞા કરે છે. પૂજ્ય શ્રી ''મા''ના એ પદના શબ્દોને જોઈ જઈએ :

''પ્રકૃતિમાં પ્રભુને શોધી લઈએ
સૌથી રક્ષાયેલા રહીએ
હરિ નામના રક્ષાકવચને
સાથે લઈને ફરીએ.''

પણ આ પદ સાંભળી હું મનમાં વિચારતો કે આ તો બેનોની યાત્રાનું પદ છે. અમારા ભાઈઓની યાત્રા માટે એક નવું પદ પૂજ્ય શ્રી ''મા'' આપે એવી ઈચ્છા મન-અંતરે હતી અને એ ઈચ્છા મેં પૂજ્ય શ્રી ''મા''ને લેખિતમાં વ્યક્ત કરી. પરંતુ તે વખતે તો બીજી કોઈ યોજના આકાર લેતી હશે. એટલે તે વાત ત્યાં જ પૂરી થઈ અને પૂજ્ય શ્રી ''મા'' માર્કર મંગાવી આપે છે અને બધાની બૅગ ઉપર બધાના નામ લખાઈ જાય છે. પૂજ્યશ્રી ''મા'' સવારે ૬.૦૦ વાગ્યે યાત્રા શરૂ કરવાનું સૂચવે છે. બધા સહર્ષ વધાવે છે. અને સૌ યાત્રીઓ મનોમન પૂજ્ય શ્રી ''મા''નો આભાર વ્યક્ત કરે છે.

આ યાત્રા શરૂ કરતાં પહેલા થોડા નિયમો બનાવેલા તે આપણે જોઈ લઈએ કારણ યાત્રામાં આપણું ધ્યેય નક્કી હોય તો



યાત્રામાં બહુ તકલીફ પડતી નથી.

આ યાત્રા માટે પૂજ્ય શ્રી ''મા''ની પ્રેરણાથી એક નાનકડો પત્ર તૈયાર કરેલો તે નીચે મુજબ છે. જય કૃપાળુ ''મા''..આપણે સૌ પ્રભુનું કાર્ય કરવા જઈ રહ્યા છીએ તો આ સાઈકલ સાહસ સાધનાયાત્રા બની જાય આપણે આપણાં વસ્ત્રોમાં હાફ પૅન્ટનો સમાવેશ કરવાનો નથી. એ સૌએ યાદ રાખવાનું છે. દરેક સાથે નાની ડાયરી રાખે અને રોજ રાત્રે લખીને જ સૂઈ જાય, આખા દિવસમાં થયેલા અનુભવ સાધનાની નોંધ સતત રાખે. નવરાત્રીમાં આ સાઈકલસાહસ સાધનાયાત્રા છે તો આ દ્વારા પૂજ્ય શ્રી ''મા'' પ્રભુના કૃપા-આશિષ અને વિશિષ્ટ શક્તિઓ મેળવવાની છે. આ કોઈ રેસ કે પ્રવાસ નથી એટલે એ રીતે સૌ સજ્જ રહે. આપણે આપણાં પૂજ્યશ્રી ગુરુદેવ પ્રભુ ગુરુભગવંતને આ જગમંચે પ્રગટાવવાનો નાનકડો પ્રયાસ કરીએ છીએ. આપણી સૌ પ્રવૃત્તિઓ, આપણી વાણી, આપણાં વ્યવહાર આપણાં વર્તનથી સૌને પ્રતીત કરાવવાનું છે. આપણે સૌએ ચમકવાળા બનવાનું છે. પૂજ્ય શ્રી ''મા પ્રભુ''ને કોઈને કહેવું હોય તો કહી શકે કે આ સૌ બાળકો અમારી સંપત છે. આ યાત્રા ગૌરવવંતી બનાવીએ. સાઈકલનું પ્રત્યેક પૅડલ જીવનના ઉત્કર્ષ માટે ભરાતું રહે. પ્રત્યેક પૅડલે એવું યાદ રાખીએ કે મારી આ જીવનની યાત્રા પૂજ્ય શ્રી ''મા પ્રભુ''ને માર્ગે આગળને આગળ કલ્યાણપથ પર દોડતી રહે. પ્રત્યેક શ્વાસે શ્વાસે પૂજ્ય શ્રી ''મા પ્રભુ''નું સ્મરણ રહે તેવી રીતે જ સાઈકલ સાહસ સાધનાયાત્રા કરવાની છે. પ્રવાસો તો ઘણા કર્યા. હવે કોઈ પણ યાત્રા માત્ર સાધના માટે જ કરીશું. અડગ મનના માનવને હિમાલય પણ નડતો નથી. એ વાત સ્મરણપટ પર અંકિત કરી રાખવી.

આપણાં સૌ સાત્ત્વિક સંકલ્પો આપણને જ જગાડવા માટે

પ્રેરણારૂપ બની જાય. 'કષ્ટો પડે ભલેને હિંમત ના હારવાના અમે તો' એ આપણે સૌએ યાદ રાખવાનું છે. આ યાત્રામાં એક ગુણ કેળવવાનો છે. 'ચાલશે, ફાવશે, ભાવશે...' કોઈ ફરિયાદ નહિ, કોઈ માગણી નહિ, પ્રેમથી પ્રભુએ જે અનુકૂળતા ધરી છે તેનો સદુપયોગ કરીને તેમાં જ આનંદ માણવાનો છે.

આ યાત્રામાં પૂર્ણ સાઈકલયાત્રી ૧૯ અને એક ખંડયાત્રી એમ થઈને કુલ ૨૦ સાઇકલયાત્રીઓ હતા અને ૪ સેવાભાવી સાધકસેવકો સાથે કુલ ૨૪ સાધકો હતા જે સ્વખર્ચે સેવામાં જોડાયા હતા. આ યાત્રામાં સૌથી નાના યાત્રી તરીકે દ્રષ્ટા હતો અને સૌથી મોટા યાત્રી ૫૬ વર્ષના શ્રી દીપકભાઈ હતા. આ યાત્રામાં પૂજ્ય શ્રી ''મા'' પ્રભુ સહિત (૧) અશ્વિન (૨) આશિષ (૩) તારક (વડોદરાના-૩ યાત્રીઓ) (૪) હેમીશભાઈ (૫) હિરેનભાઈ (૬) કૌશિકભાઈ (રાજકોટના-૩ યાત્રીઓ) (૭) દ્રષ્ટા (અમદાવાદ) (૮) તપન (ગાંધીધામ) (૯) વૈભવ (મુંબઈ) (૧૦) જશ બેરાવાલા (ભરૂચ) (૧૧) દીપકભાઈ (૧૨) મનીષભાઈ (૧૩) અભિરાજ (સુરતના ૩ યાત્રીઓ) (૧૪) કનુભાઈ (સરોડા) (૧૫) દિલીપસિંહ (૧૬) વિરેન્દ્રસિંહ (૧૭) વિરેન્દ્રસિંહ (૧૮) મિહિર (૧૯) યશપાલસિંહ (૨૦) કીર્તનભાઈ (મોરબી)નો સમાવેશ થાય છે. સેવાભાવી સેવકો (૧) રાજીવ જાની (મુંબઈ) (૨) પ્રદ્યુમ્નભાઈ (અમદાવાદ) (૩) મનીષભાઈ (અમદાવાદ) (૪) હિતેન્દ્રસિંહ (ઝનોર)નો સમાવેશ થાય છે.

આજે એ આતુરતાનો અંત આવવાનો હતો. આજે સાઈકલયાત્રા પ્રારંભ પામવાની હતી. સૌ વહેલા જાગી જઈને તૈયારી કરવા માંડે છે. બધાએ પ્રાર્થના માટે કલ્પવૃક્ષસમી પ્રભુની પવિત્ર કુટિયાના સ્થાનમાં ભેગા થવાના હતા. 'વરદ હસ્ત'ની પ્રાર્થના, બે બાવની, 'હિમાલયના પત્રો', 'અધ્યાત્મનો અનસ્ત



સૂર્ય'-સદ્‌ગ્રંથનું પારાયણ કરતાં કરતાં યાત્રા કરવાની હતી. બધા પ્રાર્થના કરવા બેઠા છે. નિત્ય પ્રાર્થના પૂર્ણ કરી ત્યાં તો બધાના આશ્ચર્ય વચ્ચે પૂજ્ય શ્રી ''મા''નું આગમન ! તેઓશ્રી કુટિયાને દ્વારે પદપ્રસાદી અને આશીર્વાદ ધરવા પધારે છે. જેની કોઈ કલ્પના જ નહોતી કે પૂજ્ય શ્રી ''મા'' આટલું સરસ પદ પ્રસાદીમાં ધરશે. આ પદ તા.૧૦/૧૦/૨૦૨૧ના રોજ સવારે ૫.૦૦ વાગ્યે પૂજ્ય શ્રી ''મા'' દ્વારા સૌને પ્રાપ્ત થયું. એ પદના શબ્દો છે :

'ચાલોને હવે કર્પૂરવનમાં જઈએ.  
કાલીમંદિરે કીર્તન કરીએ  
પંચદેવના આશિષ લઈને..  
પળમાં પહોંચી જઈએ  
રક્ષાયેલા રામભરોસે..  
રથને હાંકી જઈએ  
સાબરમતીના સંતોને ચરણે  
જીવન ઝુકાવી જઈએ.  
ગાંધી યોગેશ્વર પગલે પગલે  
સૌને દીપાવી લઈએ  
સાબરમતી વળી નર્મદાજીને,  
તાપીને પાર કરી જઈએ  
શ્વાસે શ્વાસે નામ જપીને  
હરિને બાથ ભરી લઈએ  
સ્વર્ગારોહણ કે સત્યપથને  
ઢંઢોળીને પૂછી લઈએ.  
સર્વેશ્વરીના શ્યામ સખાને પકડી, બાંધી લઈએ.

પૂજ્ય શ્રી ''મા''એ કૃપાની હેલી વરસાવી કેટલું સરસ પદ રચી યાત્રા માટેના જાણે અખંડ આશિષ ધરી દીધા. બધા યાત્રીઓ પંચદેવના આશિષ પામી, સરોડામાં પ્રણામ, પ્રદક્ષિણા કરી આગળ વધીએ ત્યાં પૂજ્ય શ્રી ''મા''એ સ્નેહલભાઈ પાસે સૌને ગંગાજીના તિલકથી પવિત્ર બનાવી અને યાત્રા માટે જાણે અધિકારી બનાવે છે. પવિત્ર બનાવે છે. સૌને પાત્રતા અર્પે છે. આ બધું પૂજ્ય શ્રી ''મા''નો પ્રેમ જ કરી શકે. પૂજ્ય શ્રી ''મા'' સૌને દર્શનદ્વારમાંથી પ્રસાદની હેલી વરસાવી દે છે. સૌ યાત્રીઓ એ આનંદની ક્ષણો લૂંટવામાં મસ્ત થયા. પૂજ્ય શ્રી ''મા''ના એ કૃષ્ણસ્વરૂપ પ્રેમને સૌએ પ્રેમથી માણ્યો અને ત્યારબાદ હૉલમાં ૫૧ પ્રણામ કરી અને દ્રષ્ટાના જન્મદિન નિમિત્તે પ્રાર્થના ગાઈ. પ્રસાદ લઈ 'સ્વર્ગારોહણ'ના દ્વારે સમૂહમાં ફોટા પડાવી અમારી સાઈકલસાહસ સાધનાયાત્રા પ્રારંભ પામી. સૌથી અનેરો આનંદ તો 'સ્વર્ગારોહણ'ની સાધક મંડળીને હતો તે સૌએ અમારી પ્રાર્થના પ્રણામ, વગેરે પૂર્ણ થાય ત્યાં સુધી સતત ધૂન, ભજન ગાયાં કરતાં હતાં. એ બધાંથી 'સ્વર્ગારોહણ'નું વાતાવરણ ખૂબ જ દિવ્ય ભાસતું હતું.

આજે સવારે વાતાવરણમાં અલગ જ મહેક હતી. ધુમ્મસથી ભરેલા રોડ, ખૂબ ઠંડક વાતાવરણમાં પ્રસરેલી હતી. જાણે પૂજ્યશ્રી  વાદળો કે ધુમ્મસનું સ્વરૂપ લઈ બાથમાં અમને સૌને ભરી લેતા હોય તેવું લાગ્યું. જાણે હિમાલયની યાત્રા જ સૌ કોઈ કરી રહ્યા હોઈએ તેવું લાગ્યું. સૌ થોડી જ વારમાં ૧૦ કીલોમીટર જેટલું અંતર કાપી પારાયણ માટે ઊભા રહ્યા. લીંબુ-શરબત બધાને પીવા મળ્યું છે. ભાઈ શ્રી મનીષ સુરતથી સાથે લાવ્યા છે. હવે સાઈકલયાત્રા આગળ વધી દાંતા સુધી પહોંચે છે. અને ત્યારબાદ સાઈકલોના સત્યાગ્રહ ચાલુ થાય છે. સૌ પ્રથમ સાઈકલ બગડવાના શ્રીગણેશ થયા. બધી જ પરિસ્થિતિને



પહોંચી વળવા પૂરતાં સાધનો સાથે લાવ્યા છીએ. અને જ્યારે પૂજ્ય શ્રી ''મા''નાં દિવ્યરથને પણ આ યાત્રામાં સામેલ કરેલ હતો. આશિષભાઈની સાઈકલ સારી થઈ આવી જાય છે. એટલે આગળની યાત્રા શરૂ કરી ત્યા તો વિરેન્દ્રસિંહની સાયકલનું પૅડલ નીકળી જાય છે. સાઈકલની દુકાન બહુ વધારે દૂર હોવાથી હું આશિષ અને દિલીપસિંહ એને ખભો પકડી અને આગળ લઈ જઈએ છીએ. આજે આંબાઘાટ પર જ્યારે પારાયણ કરવા બેઠા ત્યારે સૌથી પ્રથમ પદયાત્રાનાં સંસ્મરણ તાજાં થયાં આ એ જ જગ્યા હતી જ્યાં જગતજનની ''મા'' સર્વેશ્વરી સૌ બાળકો સાથે ૨૦ કીલોમીટરની યાત્રા કરે છે. એ બધું યાદ કરતાં કરતાં ધીમે ધીમે બપોરનું વિશ્રામ સ્થાન મહાકાળી માના મંદિરે મળે છે. આજે ભોજન 'સ્વર્ગારોહણ'થી આવવાનું હતું. શ્રી સ્નેહલભાઈ અને મહર્ષિ આવે એ પહેલા પારાયણ કરીએ છીએ ઘણું સારું સ્થળ છે. પૂજ્ય શ્રી ''મા''ની કૃપાને લીધે શાંતિથી બધું સુખ પ્રાપ્ત થાય છે આજે કુલ ૧૦૮ કિલોમીટરના અંતર કાપવાનું છે હવે પછીનો રસ્તો ગામડાનો છે. બપોર છે તડકો પુષ્કળ છે. બાફ પણ છે થોડું સાઇકલ ચલાવવાનું અઘરું પણ પડે છે વચ્ચે દસેક કિલોમીટર પછી સારી જગ્યા જોઈને પારાયણ કરીએ છીએ ધીમે ધીમે સાયકલયાત્રા આગળ વધતી જાય છે હવે મેઈન રોડ ઉપર પહોંચ્યા છીએ. વિજાપુર જવાનો રસ્તો છે અને પાછળ અભિરાજની સાઈકલ બગડી છે એની સાઈકલના વ્હીલના સ્પોક તૂટતા જતા હોય છે સાઈકલ લઈને પાછું મારે બે કિલોમીટર પાછું ફરવાનું થાય છે અને અભિરાજ માટેની એક બાઈકની વ્યવસ્થા જાણે પ્રભુ દ્વારા કરવામાં આવે છે. જેના પર બેસીને તે આગળ નીકળે છે અને અમારી સાથે ગાડી હોય છે. છેલ્લે તેને પણ અમે આગળ મોકલી આપીએ છીએ કે તમે બાળકની જોડે રહેજો અને એનું સાઈકલનું કામ સારી રીતે પૂર્ણ થાય પછી જ

તમે પાછા આવજો. અમે અમારો મોબાઈલ એમની પાસેથી લઈ લીધો કે ક્યાંક મુસીબત હશે તો હું તમને ફોન કરીશ પરંતુ જેવી તેમની ગાડી સ્થળ ઉપરથી જાય છે તુરંત જ મારો મોબાઈલ સ્વીચ ઑફ થઈ જાય છે અને એમની ગાડી દેખાતી બંધ થાય છે અને મારી સાઈકલનું પેન્ડલ તૂટી જાય છે હવે મોબાઈલ ચાલતો નથી ખિસ્સામાં રૂપિયા પણ નથી આજુબાજુમાં વસ્તી પણ નથી અંધારું થવા આવ્યું છે ચાર કિલોમીટર તો જેમતેમ કરીને આગળ જાઉં છું પરંતુ આ રીતે સાઈકલ કેવી રીતે ચાલે ? એટલે મનમાં પ્રભુને પ્રાર્થના થાય છે પ્રભુ અનુભૂતિ કરાવજો અને થોડી જ વારમાં મહર્ષિ ગાડી લઈને એ રસ્તા પર આવે છે કારણ કે તારકભાઈ તેમનું પાઉચ ભૂલીને આવ્યા હતા એટલે મહર્ષિ આવે છે અને એક બાઈકવાળા ભાઈને ત્યાં સાઈકલ બતાવે છે તો તે ભાઈ બજારમાંથી એક નટ લઈ આવવાનું કહે છે અને તે તેના બાઈક ઉપર મહર્ષિને લઈ જાય છે અને નટ લાવી અને મારી સાઈકલ રીપેર કરી આપે છે અને એક પણ રૂપિયો પણ લેવાની ના પાડે છે કે સાઇકલયાત્રા છે તમે આટલું સેવાનું કામ કરો છો તો અમને પણ સેવા કરવાનો મોકો આપો. ઘણો આગ્રહ છતાં એ જીદે ચડે છે અને પૈસા લેવાની ના પાડે છે પછી અમે વિચાર્યું; જેવી હરિની ઇચ્છા. એમ કરીને સાઈકલયાત્રા આગળ ધપાવીએ છીએ મનોમન પ્રભુનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરીએ છીએ જાણે મન કહે છે પ્રભુએ અનુભૂતિ મને કરાવી વગર પૈસે સાઈકલ પણ રિપેર કરાવી, જો પ્રભુમાં આપણે શ્રદ્ધા રાખીને આગળ વધીએ છીએ તો આપણો સાથ તેઓશ્રી ક્યારેય છોડતા નથી તે જાણવા ખુલ્લી આંખે મળ્યું રુચિતભાઈ પણ આ ઘટનાના સાક્ષી છે. તેઓ જતાં જતાં મને શ્રી લક્ષ્મીજી આપવાનો વ્યર્થ પ્રયત્ન કરે છે. હવે જ્યાં અભિરાજભાઈની સાઈકલ રિપેર થતી હોય છે ત્યાં પહોંચીએ



છીએ ત્યારે રાતના આઠ વાગ્યા હોય છે અને હજુ એની સાઈકલ રિપેર થઈ શકતી નથી અભી પાસે ૨૦,૦૦૦ રૂપિયા વાળી મોંઘી સાયકલ છે અને ગામડામાં જે સાઈકલના દુકાનોમાં માણસો બેસે છે તેમને આ વિષયનું ઝાઝું જ્ઞાન હોતું નથી જેથી એ ગિયરવાળી સાઈકલનાં ગીયર ખોલી નાખે છે પણ ફીટ થતા નથી અને અમે સૌ મનોમન પ્રાર્થના કરીએ છીએ ‘વરદ હસ્ત’ની પ્રાર્થના કરીએ છીએ અને રિપેરીંગ થઈ જાય તે માટે પ્રભુને રસ્તો સૂઝાડવા માટે પ્રાર્થના કરીએ છીએ અને થોડી જ વારમાં એ ભાઈ એક વાયર બાકી રહેવા દઈ સાયકલ ફીટ કરી આપે છે અને યાત્રા આગળ પ્રારંભ પામે છે ઉતારો સરસ મળે છે આજે સ્વચ્છ અને પવિત્ર સ્થળ છે લગભગ ઍર કન્ડિશનવાળા બધા રૂમો મળેલા. જમવાની બહાર વ્યવસ્થા રાખેલ છે એટલે બધા વારાફરથી ભોજન માટે જઈને આવે છે પછી નિત્ય પ્રાર્થનાનો ક્રમ ચાલુ થાય છે. સવારે ૬.૩૦નો કાર્યક્રમ હતો આ બુદ્ધિસાગર જૈન મંદિરમાં ઉતારો હતો. આજુબાજુ નીરવ શાંતિ હતી. ભવ્ય મંદિર અને ભવ્ય ભગવાનની મૂર્તિ અને ભવ્ય શણગાર સવારમાં સરસ ભજનના સૂર માઈક પરથી રેલાતા હતા. જે કર્ણપ્રદેશમાંથી હૃદયપ્રદેશ સુધી પહોંચતા હતા. આજે કેવી રીતે સાઈકલ ચાલશે તે તો પૂ.શ્રી “મા” ને જ ભરોસે ! પ્રાર્થના, પ્રણામ, પારાયણ, જયઘોષ વગેરે નિત્ય નિયમ મુજબ થયું. અને હવે સાઈકલયાત્રા માટે સૌ સજ્જ થયા.

સવારે નીકળતો જ હતો અને શ્રી દિલિપસિંહનો ફોન આવ્યો કે મારા દીકરાની સાઈકલમાં પંચર થયુ છે. તો ગાડી જલ્દી મોકલો. અને ગાડી આગળ મોકલી આપવામાં આવે છે. પરંતુ આટલી વહેલી સવારે સાઈકલ રિપેર કરનારા કોઈ ઊઠે નહીં. પાછી એક રિક્ષામાં સાઈકલો આગળ મૂકી પંચર માટે

મોકલી. આ સાઈકલો સાથે પણ જાણે આપણે ગયા જન્મની કોઈ લેણદેણ બાકી હશે. નહીં તો આમ સવારે કોઈ પજવતું હશે. તેવા મનમાં ભાવ ઊઠતા. અને આગળ એક સાઈકલવાળા ભાઈએ પંચર કરી આપ્યું સાઈકલ આગળ વધી ત્યાં બે કીલોમીટર પછી ફરી પંચર ! હવે આગળના ટાયરમાં પંચર થયું હતું. પાછી એ જ બધી મહેનત કરી અને સાઈકલો નવી દુકાનમાં લઈ જઈ રિપેર કરાવી, હવે કલાક જેવો સમય થઈ જાય છે. પછી જ્યારે યાત્રાનો પ્રારંભ કર્યો ત્યાં તો મારી સાઈકલ સત્યાગ્રહ ઉપર ઊતરી જાય છે. અચાનક પાછલું વ્હીલ જામ થઈ જાય છે. હવે શું કરવું ? પાછા હિતેશભાઈ, દિલીપસિંહ અને વિરેન્દ્રસિંહ પ્રયત્ન કરે છે. અને સાઈકલ ચાલુ થઈ જાય છે. પરંતુ થોડીવાર પછી પાછી એ જ પરિસ્થિતિમાં આવી જાય છે. એટલે સાઈકલનું પાછલું ટાયર ખોલી અને એ બે લઈ રિપેર કરાવવા જાય છે. અને હું અને તારકભાઈ એ લોકોની રાહ જોતા ઊભા છીએ. મંત્ર જપ્યા કરીએ છીએ. પાછો અડધો કલાક ખોટી થઈએ છીએ. હશે જેવી પ્રભુની ઇચ્છા એને પહોંચાડવાના છે. એ જે કરશે તે સારા માટે સાઈકલ રિપેર થાય છે. અને પછી આગળની યાત્રામાં અમે પાંચ છીએ. હજુ તો ઉતારાથી ૨૧ કીલોમીટર જ આવ્યા છીએ. આજે ૪૮ કીલોમીટર કાપવાનું હતું અને સૂર્યદેવ સોળે કળાએ ખીલ્યા છે. એમના પ્રકાશના સંપૂર્ણ હકદાર જાણે અમે જ હતા. એ સરસ રીતે શરીરમાંથી પરસેવારૂપે પાણી બહાર કઢાવતા હતા. ત્રણ કલાકની સફર પછી જે હૉટલમાં આજે જમવાનું હતું ત્યાં પહોંચીએ છીએ. બાકી બધાએ જમી લીધું હોય છે. અમે પાંચ છ યાત્રીઓ બાકી છીએ. બે યાત્રીઓ ઉપવાસવાળા છે. એમના માટે ઉપવાસના વ્યંજન આવે છે. હૉટલ ગ્રીન્સ સારી છે. સ્વચ્છતા ખૂબ છે. ભીડ નથી. શ્રી રાજશ્રીબેન શ્રી જયશ્રીબેન



તરફથી મહાપ્રસાદ છે. તે બન્ને બહેનો બહુ માયાળુ છે. સાત્ત્વિક ભોજનની વ્યવસ્થા કરે છે. ધીમે ધીમે ભોજનમાંથી પરવારી પારાયણનો પ્રારંભ થાય છે. આજે હવે ગાંધીજીનો આશ્રમ જોવા જવાનું છે. અહીંથી લગભગ ૧૮ કીલોમીટર દૂર છે. હવે આ રસ્તો શ્રી પ્રદ્યુમ્નભાઈ, મનીષભાઈ અને શ્રી રાજશ્રીબેન અને જયશ્રીબેનના ભરોસે છે. એ અમદાવાદના જાણકાર છે. તેમની ગાડીઓના ભરોસે આગળ વધીએ છીએ. હવે ગાંધીજીના આશ્રમ પર પહોંચીએ છીએ. સમયની કટોકટી છે. એટલે ઝડપથી બધું દર્શન કરવાનું છે. શ્રી ગાંધીજીના આશ્રમ પર પહોંચીએ છીએ. સમયની કટોકટી છે. એટલે ઝડપથી બધું દર્શન કરવાનું છે. શ્રી ગાંધીજીનો આશ્રમ સૌથી પહેલા આશ્રમ તરીકે સ્થાન પામ્યો છે. શ્રી ગાંધીજી સૂતર કાંતતા તે ચરખા-રેંટિયાનાં પ્રકાશે દર્શન કરવા મળે છે. શ્રી ગાંધીજી જે ઓરડામાં રહ્યા એ, કસ્તુરબાનો ઓરડો-રસોડું જોયાં. ત્યાંથી એક પુસ્તકનો ઉપહાર પ્રાપ્ત થાય છે. બધા ફોટા પણ પડાવે છે. બહુ જ સ્વચ્છ આશ્રમ છે. શાંતિ છે. બાજુમાં સાબરમતી નદી વહે છે. રીવર ફ્રંટ બનાવ્યું છે. મુલાકાત માટે ઉત્તમ જગ્યા છે. શ્રી ગાંધીજીને નજીકથી જાણવા અને માણવા મળે તેમ છે. ઉડતી મુલાકાત કરી ત્યાંથી વિદાય લઈએ છીએ. હવે ૯ કીલોમીટર પર ‘સત્યપથ’ છે. જે બીજું યાત્રાધામ છે. પૂજ્ય શ્રી પ્રભુએ જ પસંદ કરેલ ભૂમિ છે. હવે બધા ઝડપથી ‘સત્યપથ’ પહોંચી જઈએ છીએ. અરે અહીં પણ સૌ સાધકો રાહ જોતા ઊભા છે. શ્રી અરુણાબેન દમયંતીબેન, ધરાબેન, કાવ્યાબેન, વ્રજભાઈ, રાજશ્રીબેન જયશ્રીબેન અરુણભાઈ અત્રિભાઈ અરે ઘણાંબધાં સાધકો છે. સૌ સાઈકલયાત્રીઓનું પુષ્પગુચ્છથી અને તિલકથી સ્વાગત કરાય છે. નિત્ય પ્રાર્થના, પ્રણામ, પારાયણ અને શ્રી રંજનબેન પાસે એક યાદગાર પ્રસંગનો સત્સંગ થાય છે. વળી ‘સત્યપથ’નાં

દર્શન કરીએ છીએ અને બહાર આવીએ છીએ. હવે અમદાવાદના સાધકો સરોડા સુધી રસ્તો બતાવવા આવવાના છે. રાત્રિનો સમય થઈ ગયો છે. સાઈકલો મૂકી પાછા સર્વયોગમ્ શાળામાં આજનો રાત્રિનો વિરામ છે. ઝડપથી સરોડા પહોંચવા બધા ઝડપથી સાઈકલ લઈને માર્ગદર્શકોની ગાડી પાછળ પાછળ જઈએ છીએ. એક બે જણ ઊંધા રસ્તા તરફ આગળ વધી જાય છે. એટલે એમને પાછા બોલાવવામાં લગભગ ૨૫ મિનિટથી વધુનો વ્યય થાય છે. રસ્તામાં પાછી એક હિરેનભાઈની સાઈકલ સત્યાગ્રહ પર ઊતરે છે. મનમાં વિચાર આવે છે. કે સાઈકલને ટૅમ્પામાં નાખીને સરોડા લઈ જઈએ પણ પછી તરત જ મનમાં વિચાર આવે છે. કે જે યાત્રી અતૂટ શ્રદ્ધાથી આ યાત્રામાં જોડાયો છે એના દિલ પર કેવી વિતશે. પછી મનોમન પ્રાર્થના થઈ હે પ્રભુ કોઈ સાયકલ રિપેરીંગવાળો મળી જાય તો સારું. અને એટલામાં જ મેસેજ મળે છે કે સાઈકલ રિપેરીંગવાળા ભાઈ આગળ છે. અમે દિલથી પ્રભુનો આભાર માનીએ છીએ. વળી આજે રાત્રે સાયકલ ચલાવવાની હોવાથી સાયકલમાં લાઈટની વ્યવસ્થા પણ ત્યાંથી કરવામાં આવે છે. હવે રાત્રે ૧૧:૦૦ વાગ્યાની આસપાસ સરોડા પહોંચવાનું બને છે. સરોડાનાં સ્વજનો અને સાધકો શાંતિથી સત્સંગ કરતાં હોય છે. અમે સૌ સત્સંગની મોજ માણીએ છીએ. સરોડામાં શ્રી નારાયણદાદાએ ભાવથી ભોજન બનાવડાવ્યું છે. સૌ ભોજન લઈએ છીએ ત્યારબાદ સૌ અલગ અલગ ગાડીમાં સર્વયોગમ્ શાળાએ રાત્રિ નિવાસ માટે પ્રયાણ કરીએ છીએ. શ્રી સિદ્ધાર્થભાઈ, માનસ અને ઘરના તમામ પરિવારના સભ્યો ખૂબ જ પ્રેમાળ છે. આ બધાંએ પ્રેમથી વ્યવસ્થા કરી છે. અરે ગીઝર પણ બજારમાંથી લાવ્યાં છે. અને ગાદલાં તેમ જ ચાદરો પણ નવાં મંગાવ્યાં છે. એ.સી.ની વ્યવસ્થા પણ છે, પૂજ્ય શ્રી 'મા' પ્રભુનાં ચરણોમાં



પથારી પાથરેલ છે, શ્રી માનસભાઈનો જે માણસ છે તે ખૂબ રસપૂર્વક સેવા કરે છે, કોણ સ્નાન કરીને આવ્યું અને કોણ સ્નાનમાં બાકી છે. તે બધાને યાદ કરી કરી સ્નાન કરવા મોકલે છે. બધા બાથરૂમની બહાર ગરમ પાણીનાં તપેલાં મૂકેલાં છે. સરસ સ્નાન કરવાથી બધાનો થાક હરાઈ જાય છે. ભાઈ માનસ બધાને કૅન્ડીનો પ્રસાદ પણ આપે છે. સવારે બધા ૬.૩૦ વાગ્યે તૈયાર થઈ જાય છે. આજે સિદ્ધાર્થભાઈએ શાળામાં ગરબા રમવાના હોવાથી શણગારી હતી તો અમે શાળામાં બાવની પર ગરબા ગાઈએ છીએ. ખૂબ મજા આવે છે. નિત્ય પ્રાર્થનાનો ક્રમ પરવારી સવારનો નાસ્તો ફાફડા અને જલેબી જે સારામાં સારી જગ્યાએથી લાવી પિરસવામાં આવે છે. ત્યાર બાદ બધાંનો આભાર માની ગાડીઓમાં સરોડા જવા પ્રયાણ કરીએ છીએ.

સરોડામાં નિત્ય પ્રાર્થના કરી અને વિદાય લઈએ એ પહેલાં શ્રી નારાયણદાદાનો ભાવ જોવા જેવો હતો. બધા યાત્રીઓ માટે ચાંદીના મૅડલ બનાવ્યા હતા. અને બધાને હિમાલયના પત્રો ભેટમાં આપ્યા હતાં. તે સિવાય બીજા એક રૂ.૧૦૦નું રૂ.૫૦૦નું કવર પણ બધાને પ્રાપ્ત થાય છે. આ બધું યાત્રીઓના મનમાં ખૂંચતું હતું. આ રીતે અમે આ બધુ ગ્રહણ કરવા થોડા નિકળ્યા છીએ. પણ એ લોકોનો ભાવ જોઈને મનમાં થયું કે પૂજ્ય શ્રી 'મા' માટે કેટલો ભાવ છે. ત્યારે તો આ બધું એ બધાંને આપી શકે છે. આપણે પણ આ બધું જોઈને શીખવાનું છે કે કેવી રીતે આપી શકાય ? એક ગામડાના સ્વજન થઈને પણ જે રીતે આગતા-સ્વાગતા કરી તે જોઈ આંખોમાં અશ્રુ આવી જાય. આવો ભાવ તો આપણે પણ બતાવી શકતા નથી. હે પ્રભુ, જ્યારે અમારે કોઈને આપવાનું થાય તો શ્રી નારાયણદાદા જેવી ઉદારતા આપજે એના જેવો ભાવ આપજો. મનોમન શ્રી દાદાને વંદન કર્યાં, પાછા દાદાજીએ બધા માટે ગરમ પુરી અને દૂધપાક

બનાવડાવ્યાં હતાં. બધાએ પ્રેમથી ના પાડી છતાં દાદાએ બધાંને આગ્રહથી થોડું થોડું દૂધ પીવડાવ્યું અને ભાવસભર સરોડાની વિદાય લીધી. આખા સરોડા ગામમાંથી પસાર થતી વખતે જય કૃપાળુ ‘મા’ના જયઘોષ કરતાં કરતાં વિદાય લઈએ છીએ. હવે સરોડાથી લગભગ ૧૦ કીલોમીટરની દૂરી પર એક મંદિર પર બધા વિશ્રામ માટે ઊભા છીએ. સૌને લીંબુનું શરબત મળે છે. પાછી થોડી સાઈકલ સત્યાગ્રહ ઉપર ઉતરે છે. અને શ્રી કનુભાઈ બધાને સાઈકલની દુકાને લઈ જાય છે. અને પાછા બીજા રસ્તાથી અમારી સાથે જોડાઈ જાય છે. હવે સાઈકલો સમજી ચૂકી છે કે આ લોકો અમને યાત્રા કરાવશે જ એટલે એ પણ સહયોગ ધરવા માંડી છે. હવે પહેલા દિવસ કરતા ઓછી તકલીફ પડી છે. પૂ.શ્રી‘મા’ પણ પરીક્ષા કરતા હતા કે આમાંથી કેટલા ટકી રહે છે. પણ પૂજ્ય શ્રી ‘મા’ એ જ બધાને ટકાવી દીધા અને પરીક્ષામાં પાસ પણ કરી દીધા. આજે ૪૨ કીલોમીટર જ કાપવાના છે. પણ સૂર્યદેવ સોળે કળાએ ખીલ્યા છે. શરીરમાં રેલા ઊતરે છે. જાણે આ શરીર સૂર્યદેવને અર્ધ્ય ધરતું હોય તેમ ભાસતું. આજનો બપોરનો વિશ્રામ શંકરાચાર્ય નગરમાં હતો. બહુ વિશાળ સાત્ત્વિક જગ્યા છે. આ સ્થળ શોધવાનું શ્રેય શ્રી સિદ્ધાર્થભાઈને ફાળે જાય છે. આજે બપોરના મહાપ્રસાદની વ્યવસ્થા શ્રી સિદ્ધાર્થભાઈ તરફથી છે. અહીં સ્નાન માટે પણ વ્યવસ્થા છે. જેને અનુકૂળતા હોય તે તે સ્નાન કરી લે છે. એક રૂમ પણ અમને ફાળવી આપ્યો છે. બપોરે ગરમાગરમ અનેક પ્રકારના ઢોંસા બધાને વિવિધ પ્રકારના અને છાશનો પ્રસાદ પ્રાપ્ત થાય છે. અને બધાંને હાશ થાય છે. હવે પારાયણ અને નિત્ય પ્રાર્થના પછી લગભગ ૪.૩૦ વાગ્યે ત્યાંથી વિદાય લઈએ છીએ. જરૂરી ભેટ મૂકાય છે. અને વાસદ જવા પ્રયાણ કરીએ છીએ. બધાની સાઈકલ સારી રીતે ચાલે છે. ઘણી વખત જુદા



જુદા સાઈકલયાત્રીઓ અનેક કારણોસર પાછળ આવી જાય છે. પાછી એ લોકો જોડે બધી પોઝિટીવ વાતોથી ઉત્સાહ ભરવાનું કામ થતું રહે છે. અને એ યાત્રીઓ પાછા પોતાની જગ્યાએ પહોંચે છે. આ બધું પૂજ્ય શ્રી ‘મા’ની યોજના પ્રમાણે થતું રહે છે. સાંજે ૭.૩૦ પછી વાતાવરણમાં ઠંડક પ્રસરી જાય છે. પણ સાથે પવનદેવતા પણ પ્રસન્ન થાય છે. હવે પ્રતિકૂળ પવનો સામે સાઈકલ ચલાવવી ખૂબ અઘરી થઈ પડે છે. અરે ઢોળાવ પર પણ સાઈકલ ગબડે નહીં. પણ પૂજ્ય શ્રી ‘મા’ જાણે બધી જ તાલીમ આપવા માગે છે. ડરી, થાકી અને હારી નથી જવાનું જાણે અમને શિખવાડતા હોય. ‘હરિનો માર્ગ છે શૂરાનો નહિ કાયરનું કામ...’ રાત્રે ૧૦.૦૦ વાગ્યાની આસપાસ શ્રી ગૌરાંગભાઈને ત્યાં પહોંચવાનું બને છે. ઘર પ્રમાણમાં મોટું છે. પણ તે સૌનું દિલ એનાથી પણ વિશાળ છે. બધો જ પરિવાર હસતાં હસતાં આવકારે છે. ભોજનમાં પણ અનેક પ્રકારનાં વ્યંજનો બનાવ્યાં છે. સૌ હાથપગ ધોઈ ભોજન ગ્રહણ કરીએ છીએ. બધા જ મનોમન એ ભક્તદંપતિની ભાવનાને વંદન કરતા રહ્યા. એ ઘરના વડીલો પણ આગ્રહ કરી સૌને જમાડતાં આ ભાવજગત પૂજ્ય શ્રી ‘મા’ માટેના પ્રેમના પરિણામસ્વરૂપ હતું. બાકી લાખો લોકો સાઈકલ ચલાવે છે. કોણ આવી રીતે આવકાર પામતું હશે. હે પૂજ્ય શ્રી ‘મા’ આપનો અનહદ પ્રેમ આજે આ સૌમાં જોવા મળ્યો અરે આ ઘરના નાનાં મોટા બાળકો પણ સહુ સેવામાં લાગી ગયા છે. આભાર પૂજ્ય શ્રી ‘મા’ આ યાત્રાથી સહુના ભાવજગતનાં દર્શન આપે કરાવ્યાં. ત્રણ બાથરૂમ છે. પણ સૌ અનુકૂળ થઈને સમય પર પ્રાર્થના માટે તૈયાર છે. સવારે દૂધ અને બટાકાપૌંઆ ઢેબરાં નાસ્તા માટે બનાવ્યાં છે પણ અમે એમને કહ્યું તમારો નાસ્તો વડોદરા અમે કમાટીબાગમાં બેસી ગ્રહણ કરીશું. આજે વાસદથી પૂજ્ય શ્રી ‘મા’નો દિવ્ય રથ

હું ચલાવું છું. વડોદરા આવતાં સુધી આજે કમાટીબાગમાં જ્યા પ્રભુ ધ્યાનમાં બેસતા તે બાગમાં સૌ યાત્રીઓ પધારે છે. અહીં વડોદરાના સાધકો આવકારવા આવ્યા છે. ફ્રૂટ જ્યુસ અને છાશ અને ઢેબરાં અને બટાકાપૌંઆની પ્રસાદી પ્રાપ્ત થાય છે. નિત્ય પ્રાર્થના પછી બધાને ફૂલ અને તિલકથી વધાવવામાં આવે છે. ત્યારબાદ એક ગાડીમાં દીપકભાઈ બધાને બેસાડે છે. અને બાગનો એક નાનો આંટો ખવડાવે છે. અને ત્યારબાદ પ્રભુએ વિચરણ કરેલા એ સ્થાનમાંથી વિદાય લઈએ છીએ.

હવે કાશીવિશ્વનાથના મંદિરમાં બીજો વિશ્રામ. આ પવિત્ર મંદિર જ્યાં પ્રભુ ધ્યાનમાં બેસતા તે સ્થાન સૌએ જોયું. અને ત્યારબાદ ત્યાં આવેલ પૂર્ણિમાબેને ફરી તિલકથી વધાવ્યા અને બધાને ત્યાં શ્રી કમલેશભાઈ દવે તરફથી શેરડીનો રસ પીવા મળ્યો. ગરમી પુષ્કળ હતી એટલે એ બહુ સારુ લાગ્યું. જાણે પ્રભુની જ ઈચ્છા હશે. સૌ તૃપ્ત થાય છે અને આગળ યાત્રા ધપે છે. આજે બપોરનો વિશ્રામ ત્રિદેવ મંદિરમાં છે. બહુ સરસ વિશ્રામનું સ્થાન છે. અને ભોજન પણ સાદું, સ્વચ્છ અને પવિત્ર કહી શકાય તેવું છે. ત્યારબાદ પરિસરમાં રેસ્ટરૂમ છે. તેમા બધા ફ્રેશ થાય છે. અને ત્યારબાદ નિત્ય પ્રાર્થના પારાયણ. ભેટની રકમ લખાવી એ સ્થાનને વંદન કરી વિદાય થઈએ છીએ.

આજે ઝનોર રોકાવાનું હતું. પાલેજ સુધી હાઈવે પર સાઈકલ ચલાવવાની હતી. ત્યાંથી ગામડાના રસ્તે વળવાનું હતું. રસ્તામાં બામણગામ પાસે પારાયણ માટે ઊભા રહ્યાં અને ત્યાં બધાને જ્યુસ મળે છે. ત્યાર બાદ પાલેજ બધા ભેગા થાય છે. અને ત્યાં લીંબુ શરબત બધાને મળે છે. આજે દીપુબેનનો ફોન આવે છે. તે તેમના ભાઈઓનું સ્વાગત કરવા માટે ઝનોર આવ્યા છે. આજે બધા રોજ કરતા વહેલા અને સમયસર ઝનોર પહોંચ્યા છીએ. અને ઝનોરમાં પણ બધા સેવા માટે સજ્જ છે.



દીપુબેનનો પરિવાર સેવા માટે તત્પર છે. સરસ બધા માટે ચાર પાંચ મકાનો રાખેલા છે. બધે જ ગરમ પાણીની વ્યવસ્થા છે. બધા સરસ સ્નાન કરી અને ત્યાર બાદ આજે રોટલા, કઢી ખીચડી, જલેબી વગેરે સ્વાદિષ્ટ ભોજન પીરસાય છે. બધાને આગ્રહ કરી કરીને જમાડવામાં આવે છે. બધાં ખૂબ ભાવથી જમાડે છે. ગામડાના લોકો ખૂબ પ્રેમાળ છે. ત્યારબાદ પ્રાર્થનાનો નિત્યક્રમ અને ત્યારબાદ ખ્યાતિનો જન્મદિવસ છે. તે અને યાત્રીમાં એક યશપાલસિંહ છે તેની દિકરીનો પણ આજે જન્મ દિવસ છે. બન્ને માટે કેક અને ગિફ્ટની વ્યવસ્થા થઈ છે. એ બાળઅંતરે અનેરો આનંદ છે. અમે સૌ એ કાર્યક્રમમાં સહભાગી થઈએ છીએ. દીપુબેનના બીજા મકાનમાં સૌ માટે સૂવાની સગવડ છે. બધા દોડાદોડી કરી યાત્રીઓને અગવડ ના પડે તેના માટે તત્પર છે. દીપુબેનનું મકાન પૂજ્યશ્રી 'મા'ની પ્રતીક્ષા કરતું ઊભું છે. દીપુબેનના મકાનમાં બહારની બાજુએથી શ્રી નર્મદાજી દેખાય છે. અને ઘરમાં થોડી ગરમી હોવાથી બહાર કુદરતના સાન્નિધ્યમાં બધાંએ સોડ તાણી..સવારે ૪.૦૦ વાગ્યે આંખ ખુલે છે. ત્યારે મંદિરમાંથી સરસ શિવમહિમ્નના પાઠ ચાલતા હોય છે. તેના સુમધુર અવાજથી ખૂબ દિવ્ય વાતાવરણ સર્જાય છે. આજે બહાર જ પ્રણામ કરવાની મજા આવે છે. શ્રી નર્મદાજીની સન્મુખ એ સુખ પ્રાપ્ત થાય છે. નિત્ય પ્રાર્થના પછી દૂધ અને પ્રસાદ પછી સૌને દીપુબેનનાં માતાજી એક શ્રી લક્ષ્મીજીનું કવર આપે છે. આજે નદીમાં નાવડીમાં સાઈકલ મૂકી રાજપારડી મુકામે જવાનું છે. એક નાવડીમાં ૧૩ સાઈકલ આવે છે. અને એ લોકોને સામે મૂકી પછી બાકીના ૭ને લેવા આવે છે. આજથી એક યાત્રી જશ બેરાવાલા સાઈકલયાત્રી જોડાય છે. આજે ૨૦ યાત્રીઓ પૂર્ણ થાય છે. હવે બધા રાજપારડી તરફ આગળ ધપીએ છીએ રસ્તામાં એક પાંચ સાઈકલ સવાર બીજા રસ્તા

ઉપર જાય છે. આથી એ લોકોને પાછા આવવામાં અડધો કલાક જેવો સમય લાગે છે. બધા રાજપારડી પહોંચી જાય છે. અહીંથી રસ્તો ખૂબ ખરાબ છે. લગભગ ૪ કીલોમીટર પછી ૩ સાયકલ એક સાથે બગડી જાય છે. એટલે એ લોકો ટૅમ્પો ભરીને ત્રણ સાઈકલ નેત્રંગ લઈ જાય છે. અને એક યાત્રી રસ્તામાં થોડાક નર્વસ થઈ જાય છે. અને તેમને એક બાઈક પર બેસાડી આગળ નેત્રંગ મોકલી આપીએ છીએ. હવે નેત્રંગમાં બધી સાઈકલો રિપેર થઈ જાય છે. ત્યાં આજે એક પેટ્રોલપંપ જે દિપુબેનના કાકાના દિકરા છે. તેમણે વ્યવસ્થા કરેલ છે. તેમનો એવો ભાવ કે મારો પેટ્રોલપંપ નવો છે તો સૌ સાઈકલયાત્રીઓ ત્યાં તે ભૂમિ પર આવે અને પગલાં પાડે ! આ આપણા પગલાં ને કોણ પૂછે ? પણ આ પગલાં પૂજ્ય શ્રી 'મા' માટે ચાલી રહ્યાં છે. એટલે એ પગલાંને કોઈ પૂછે છે. અરે એ પેટ્રોલપંપ પર લાઈટ હોતી નથી તો તે ભાઈ તાત્કાલિક લાઈટની વ્યવસ્થા કરે છે. ત્યાં જ જમવાની વ્યવસ્થા પણ સરસ ગોઠવાઈ છે. બધા પ્રેમથી ભોજન કરી વિશ્રામ કરી નિત્ય પ્રાર્થના કરીએ ભાઈનો આભાર માની ત્યાંથી વિદાય લઈએ છીએ. આજે હજુ ૬૮ કીલોમીટરની યાત્રા બાકી છે. સાંજના ૪ વાગ્યે યાત્રા શરુ કરી આજે હવે રસ્તો સારો છે. પણ વિરેંદ્રસિંહની સાઈકલ બગડી છે. તે બીજો વિરેંદ્રસિંહ એમની સાઈકલ વિરેંદ્રસિંહને આપે છે. પરંતુ પછી એ સાઈકલમાં બ્રેક જ નથી. એટલે ઝંખવાવમાં રિપેર કરાવવાનો વ્યર્થ પ્રયત્ન કરીએ છીએ. પણ સફળતા મળતી નથી. રાત્રે માંડવી પહેલા કનુભાઈ, મનીષભાઈ, વૈભવભાઈ, હેમિશભાઈ બધાની સાઈકલો બગડે છે. શ્યાદલા સરોજબેનનો ફોન આવે છે. અને મદદ કરવા માટે કહે છે. ત્યાંથી ટૅમ્પો



આવતાં પહેલાં પ્રભુ પ્રાર્થના સાંભળે છે. અને બધાની સાઈકલ રિપેર થઈ જાય છે. અને એ ટૅમ્પાવાળા ભાઈ છેક શ્યાદલા સુધી આગળ ને આગળ દોરી જાય છે. શ્યાદલાનો ઉતારો બહુ સરસ એક મોટા બંગલામાં છે. અને મહાપ્રસાદની વ્યવસ્થા પણ ખૂબ સરસ કરી છે. આજે એ ઘરમાં ગુરુપૂજન હતું. એ જ ઘરમાંથી ભોજન પ્રાપ્ત થવાનું હતું. રાત્રે ૧૧.૪૫ વાગ્યે નિત્ય પ્રાર્થના થાય છે. સવારે પાંચ વાગ્યે નિત્ય પ્રાર્થના માટે ભેગા થવાનું હોય છે. બધાએ હા પાડી અને સવારે ૫.૨૦ની આસાપસ પ્રાર્થના માટે તૈયાર થઈ જાય છે. હવે આજે ૧૮ કીલોમીટર જ બાકી છે. પછી કર્પૂરવન આવી જશે. બધા ૬.૩૦ વાગ્યે સજ્જ થઈ જાય છે. શ્રી અશોકભાઈ રસ્તો બતાવવા આવે છે. બધા લગભગ ૮.૦૦ વાગ્યે કર્પૂરવન પહોંચી જઈએ છીએ. અને વામનદ્વાર પર ફોટા પડાવીએ છીએ. અરે રસ્તામાં બધા પૂછી લે છે કે ક્યાં જાવ છો તો બધાને આશ્ચર્ય થતું કે અંબાજીથી કર્પૂરવન કેમ ? તો અમે કહેતા કે, આ જે અંબાજીમાં જે 'મા' છે તે જ કર્પૂરવનમાં છે અને કર્પૂરવનમાં જે 'મા' છે તે જ અંબાજી 'મા' છે. બધા નાસ્તો કરી અને ફરી સ્નાન માટે જાય છે આજે ભાસ્કરભાઈ અને હેમાબેન આવ્યા છે ગુરુપૂજન કરવાના છે. ત્યારબાદ ગુરુપૂજનનો કાર્યક્રમ સરસ રીતે ચાલે છે. સ્નેહલભાઈ બહુ ભાવથી પૂજન કરાવે છે. અન સુકૃતિબેન, દિશાબેન અને પૂર્ણિમાબેન સરસ ભજન ગાય છે. અમારું પારાયણ બાકી હોય છે. એટલે ભોજન પહેલાં પારાયણ પૂર્ણ કરવામાં આવે છે. આજે કર્પૂરવનમાં સૌ સાઈકલયાત્રીઓને શ્રી ગંગાજીનાં જળથી અભિમંત્રિત કરવામાં આવ્યા સૌને પુષ્પગુચ્છથી સત્કારવામાં આવ્યા છે. આજે કર્પૂરવનમાં પ્રેમસંગીતનું પારાયણ પણ

કરવાનું છે. આજે પૂજ્ય શ્રી 'મા' એ શ્રીકાલીદાસદાદાની એક સી.ડી. દર્શન કરાવ્યું સાચે જ 'શ્રી કાલીદાસાય નમઃ' મંત્રનું આજે જાણે માહાત્મ્ય સમજાયું. તે પ્રતીત થયું શ્રીકાલીદાસદાદાનો ભવ્ય ઈતિહાસ એમના વિશે શ્રી સંજયભાઈ અને શ્રી જગદીપભાઈએ ઘણી બધી સરસ સરસ વાતો કરી, આજે પૂજ્યશ્રી'મા' પ્રાગટ્યધામના નવસર્જનનાં દર્શન કર્યાં. આજે પૂજ્યશ્રી 'મા' એ મને સાઈકલ યાત્રા વિશે વાતો કરવાનું કહ્યું હતું. તે વિશે બોલવાનું થયું. આ યાત્રામાં જમાપાસું એ હતું કે કોઈ પણ વખત પ્રાર્થના અને પારાયણ ભુલાયા નથી બધાની વ્યક્તિગત સાધના પણ થઈ, જપ, લીલામૃત, ગીતાજી વગેરે તેમ જ પૂજ્યશ્રી 'મા'એ રચેલું પદ પણ સતત ગાઈ શક્યા અને બળ મેળવતા રહ્યા, પ્રેરણા મેળવતા રહ્યા. આશીર્વાદ પામતા રહ્યા.

એકંદરે આ યાત્રામાં સૌ સાધકો જાણે એકમેકને સહાય કરી એક બીજાને મદદ કરવા ઉત્સુક હોય તેવી ભાવનાની અનુભૂતિ થઈ. આ યાત્રા દરમ્યાન આટલા બધા સાઈકલયાત્રીઓ એકસાથે યાત્રા કરી શક્યા અને કોઈયે માંદું ન પડ્યું. કોઈને અકસ્માત ન થયો, કોઈ બોલાચાલી ના થઈ, કોઈ ફરિયાદ ના થઈ, કોઈએ કોઈપણ જાતની માગણી પણ કરી નહીં. આ યાત્રાનો સમગ્ર યશ પૂજ્ય શ્રી 'મા'ને જાય છે. એમનાં કૃપાઆશિષ વગર આ યાત્રા અસંભવ હતી. પૂજ્ય શ્રી 'મા' એ સર્વોત્તમ ઉતારાની સગવડ અને સાત્ત્વિક ભોજન અને સૌને રક્ષાકવચ પૂરું પાડ્યું. સૌને છત્ર ધર્યું. પૂજ્ય શ્રી 'મા' આપનાં ચરણોમાં કોટી કોટી પ્રણામ.

**—શ્રી અશ્વિનભાઈ કાકા**



# ॥ અકલ્પનીય યાત્રા ॥

ઈશ્વરતુલ્ય સદ્‌ગુરુની સુખદ સંનિધિમાં આપણે જ્યાં પણ જઈએ તેને એક યાત્રા ગણી શકાય. તો જ પ્રવાસ કે મુસાફરીમાં ઈશ્વરસ્મરણ પ્રાધાન્યપણે થતું હોય તેને પણ યાત્રા કહી શકાય અથવા ભારતના મહાન તીર્થોના દર્શનહેતુ કે આપણા સદ્‌ગુરુની દિવ્યલીલાના ભાગરૂપે એમના મહાન જીવન સાથે સંકળાયેલા દરેક સ્થાનના દર્શન અને એનું મહત્ત્વ દર્શાવવા એને એક તીર્થનું માહાત્મ્ય ધરવા માટે પણ યાત્રા કરી શકાય.

આ યાત્રાના પ્રયોજનની વાત કરું તો, ચાર બહેનોએ 'સત્યપથ' થી 'સ્વર્ગારોહણ'ની યાત્રા સ્કૂટર પર કરી. જેથી પૂ. 'મા'એ સૂચન કર્યું. ''ભાઈઓ આવી કોઈ યાત્રા ના કરી શકે ?'' ને તરત જ વિચાર સ્ફૂર્યો કે આપણા 'પ્રભુ' એ ચારધામની પદયાત્રા કરી હતી તો આપણે બાઈકયાત્રા કરીએ. તરત જ ૧૨-૧૫ જણને ફોન થઈ ગયા. અને પૂ. 'મા' સમક્ષ યાત્રીઓનાં નામ સાથે યાત્રાની રૂપરેખા રજૂ કરી. પૂ. 'મા'એ અમારા આ વિચારને વધાવ્યો સાથે જણાવ્યું, 'દરેક જણ પોતાની જવાબદારી પર યાત્રા કરે. આમાં પૂ. 'મા'ની કોઈ જવાબદારી નથી' એટલે મેં પૂ. 'મા'ને લખ્યું. 'મા' જવાબદારી ભલે ના સ્વીકારો પણ આશીર્વાદ તો આપશો ને ? એના પ્રત્યુત્તરમાં પૂ.'મા'એ જાતે આશીર્વાદ આપ્યા કે, ''આશીર્વાદ તો સાહસને વરેલા જ હોય છે. જ્યાં જ્યાં હિંમત, ત્યાં ત્યાં હરિ હાજર. અને હિમાલય તો આપણો છે. દેવભૂમિ છે. દેવો આપણી સાથે ચાલશે, દોડશે..અને થાક લાગે તો ઊંચકી લેશે. માટે 'યા હોમ કરીને' પ્રારંભ કરો..પ્રભુના આશીર્વાદ !''

પૂ. 'મા'ના આવા આશીર્વાદથી ઉત્સાહ વધી ગયો પણ પછી

જાણ થઈ કે આ વર્ષે તો કોરોનાને લીધે ચારધામના પટ ખૂલ્યા જ નથી. ને કદાચ હવે આ વરસે એ ખૂલવાની શક્યતા પણ નથી. એટલે ઉત્સાહ મોળો પડી ગયો ને કેટલાક પાત્રોએ યાત્રા પડતી મુકવાની વાત કરી ને સાઈકલયાત્રાનું આયોજન થયું. પરંતુ પૂ.'મા'ના આવા આશીર્વાદથી મને સતત મનમાં ખૂંચ્યા કરતું, એક રંજ હતો કે પૂ.'મા'ના આવા આશીર્વાદ મળ્યા પછી પણ આપણે ન જઈએ તો આપણી શ્રદ્ધા કાચી ગણાય. એટલે ફરીથી સૌને મનાવવાનો પ્રયત્ન કર્યો તો સાત જણે તૈયારી બતાવી. એવામાં એક સવારે મને સહજ વિચાર જ આવ્યો કે પૂ.'મા'ની કૃપાથી કદાચ ચારધામના પટ ખૂલી જાય તો ? અને સાચે જ એ જ બપોરે સમાચાર આવ્યા કે અમુક શરતોને આધીન પટ ખોલવામાં આવ્યા છે. કલ્પના તો કરી જુઓ કે મારા મનની સ્થિતિ કેવી હશે ? હજી પણ શ્રદ્ધા ન રાખું તો નગુણો ગણાઉં ને યાત્રાએ ના જઈએ તો નિર્બળની યાદીમાં નામ નોંધાવવું પડે. તરત જ આનંદની મદદ લઈ જેણે તૈયારી બતાવી તે સૌના epass બનાવી લીધા. કેદારનાથ સિવાય ત્રણ ધામના epass મળી ગયા. ઘણા ઉતારચઢાવ અને અનિશ્ચિતતા વચ્ચે છેવટે ૬ યાત્રીઓ બડભાગી બની શકાય. જેમાં મારી સાથે, નિલેશ ટેલર, હેમીશ, દેવર્ષિ, મહર્ષિ અને વૈભવકાકા જોડાયા હતા. પાત્રો જોતાં એવું લાગે કે યાત્રામાં થનગનતી યુવાનીના આત્મવિશ્વાસ સાથે આધેડના અનુભવનો સમન્વય હતો.

નિયત તારીખે ટ્રેન દ્વારા હરિદ્વાર પહોંચી ગયા. પહેલું કામ જ્યાં વાત કરી હતી ત્યાં બાઈકની તપાસ કરી તો જાણ્યું કે, એકપણ બાઈક ઉપલબ્ધ નથી. મનમાં ડર લાગ્યો કે બાઈક નહિ મળે તો શું થશે ? તરત પૂ.'મા'ને પ્રાર્થના કરી અને થોડા જ વખતમાં એના



પ્રત્યુત્તરરૂપે બીજા એક સ્થાનથી સઘળી વ્યવસ્થા થઈ ગઈ. પહેલાં એવો વિચાર હતો કે સામાન માટે સાથે એક ગાડી પણ રાખીએ. પરંતુ ઊંચા ભાડાને લીધે ફક્ત સામાન માટે ગાડી રાખવી એ ઉચિત ના લાગ્યું. તો એના માટે પણ પૂ.'મા' એ સરસ રસ્તો સૂઝાવ્યો. અને બે બાઈક પાછળ કેરિયર ફીટ કરાવી દીધું.

તા.૩૦ સપ્ટે. સવારે ૭ વાગે સૌ સાહસ માટે સજ્જ થઈ ગયા. ગંગાકિનારે 'વરદ્ હસ્ત'ની પ્રાર્થના અને પ્રણામ પછી પારાયણ માટે રોકાયેલી બહેનોએ અમને પ્રસાદ અને તિલક કરી ભવ્ય વિદાય આપી. સૌ પાસે બુલેટ બાઈક જ હતી. કારણ પહાડના રસ્તે બીજી ઓછા પાવરવાળી બાઈક લઈ જવી એ થોડું જોખમ જેવું હતું. એટલે બુલેટનો અવાજ હૃદયના ધબકાર સાથે હરિફાઈ કરતો હોય તેમ અમારો ઉત્સાહ પણ ઉછાળા મારી રહેલો. સૌ પહેલીવાર જ ચારધામની યાત્રાએ જઈ રહ્યા હતા અને એમાં પણ બાઈક પર ! એટલે આનંદની ઊર્મિઓ પર લગામ કસવી અઘરી હતી.

દહેરાદૂન સુધી સરળ રસ્તા હતા. એટલે દોઢ કલાકમાં આવી ગયા. અહીંથી પર્વતીય માર્ગની શરૂઆત થાય છે. મસૂરી થઈને બરકોટ ને ત્યાંથી GMVN ફૂલચટ્ટી પહોંચવાનું નક્કી કર્યું હતું. મસૂરીથી આગળ કેમ્પ્ટી ફોલ પાસે ભોજન લીધું. આખા રસ્તે યમુનાજીનો પ્રવાહ ને લીલાછમ પર્વતો આંખને ઠંડકનો અહેસાસ કરાવતા હતા. જાણે કોઈ અલગ દિવ્ય પ્રદેશમાં આવી ગયા હોઈએ. રસ્તામાં બે જગ્યાએ અમારા સૌના epass ચૅક કર્યા એમાં બે કલાક જેટલો સમય બગડ્યો એટલે બરકોટથી આગળ વધતાં સંધ્યા થઈ ગઈ ને હજી ૪૦ કી.મી. જેટલો રસ્તો બાકી હતો. અંધારાને લીધે જ્યાં રોકાવાનું નક્કી કર્યું હતું તે જગ્યાથી આગળ નીકળી ગયા. પછીથી ખબર પડી કે ત્યાં રોકાવું શક્ય જ ન હતું.

એટલે પૂ. 'મા'એ જે યોજના ઘડી હતી તે પ્રમાણે જ થયું.

રાત્રે ૮ વાગ્યાની આસપાસ જાનકી ચટ્ટી પહોંચી ગયા. અમારી હોટલથી બરાબર ૬ કી.મી.ની ચઢાઈ પછી યમનોત્રીનું પ્રસિદ્ધ મંદિર હતું. એવું અનુમાન હતું કે, બે-અઢી કલાકમાં પહોંચી જવાશે. પરંતુ ખૂબ જ કપરી ચઢાઈને લીધે ૪ કલાકથી પણ વધારે સમય થયો. ભીડ બિલકુલ ઓછી હોવાને લીધે શાંતિથી બેસીને પ્રાર્થના થઈ. 'પ્રભુ'નું દિવ્ય જીવન યાદ કર્યું. આજથી લગભગ ૭૭ વર્ષ પહેલાં ૧૯૪૪માં 'પ્રભુ'એ પ્રથમવાર યમનોત્રીની પદયાત્રા કરી હતી અને એ સમયે એમને પોતાના પૂર્વજન્મનું જ્ઞાન થયું હતું. 'પ્રભુ'ની એ કઠોર તપશ્ચર્યા અને કષ્ટમય સાધનાત્મક જીવનના સ્મરણે આંખ ભીની થઈ. યમુનાજીનો ઘસમસતો પ્રવાહ જ ઈશ્વરીય શક્તિનું દર્શન કરાવવા માટે પૂરતો હતો. આ જળસંચયના અણુ એ અણુમાં ઈશ્વરનો વાસ છે. પ્રકૃતિના કણ કણમાં પ્રભુ જ પથરાયેલો છે. પ્રભુનું પેલું પદ યાદ આવ્યું.

'પૂજા કોની કરે પૂજારી? પ્રભુજી તારા બહાર બેઠા કરે પ્રતિક્ષા તારી,
ઘટ ઘટ માંહી રાસ રમે છે. કરી પુરાતન યારી.'

નીચે ઉતરતી વખતે અચાનક મારા પગની નસ ચઢી ગઈ ને અસહ્ય વેદનાને લીધે બેસી જવું પડ્યું. પગ જરાપણ વળી શકતો ન હતો. ઊભા થવું પણ મુશ્કેલ હતું. પગ પર પ્રેમથી હાથ ફેરવીને કહ્યું, 'અત્યારે તારો આ સત્યાગ્રહ પાલવે તેમ નથી.' પૂ. 'મા'ને પ્રાર્થના કરી; ''લાજ રાખો 'મા'.'' કારણ નીચે ઉતરીને તરત જ ઉત્તરકાશી માટે નીકળવાનું હતું. ભાઈ હેમીશ મારી સાથે હતો. હિંમત કરી ધીમેથી ઊભો થયો અને ડગલું ભર્યું તો નવાઈ લાગી કે; પગ એકદમ પૂર્વવત્ થઈ ગયો ! પૂ. 'મા'નો મનોમન આભાર માન્યો. આખી યાત્રામાં આવી તો ન જાણે કેટલી સંભાળ પૂ. 'મા'એ



રાખી હશે કે કદાચ અમે પણ એ જાણતા નહીં હોઈએ.

બરાબર ચાર વાગે અમે જાનકી ચટ્ટીથી ઉત્તરકાશી જવા માટે પ્રયાણ કર્યું. બરકોટ સુધી રસ્તે કામ ચાલતું હોવાને લીધે રસ્તા ખરાબ હતા. હેમીશ છેલ્લે હતો ને ચીકણા રસ્તાને લીધે એની બાઈક સ્લીપ થઈ ગઈ. જોખમ જેવું ન હતું. પરંતુ સામાન સાથે એકલે હાથે બુલેટ જેવી બાઈકને ઉપાડવી મુશ્કેલ હતું. પરંતુ દેવદૂત જેવા બે ભાઈઓએ ત્યાં આવી એ મદદ કરી. અમે પણ ૨ કી.મી. આગળ એની રાહ જોતા હતા. ફોન પણ લાગતો ન હતો એટલે સામે જવા વિચારતા હતા. ત્યાં જ એ આવી ગયો. એ પછી અમે નક્કી કર્યું કે છેલ્લે અમે રહીશું કારણ અમે બે જણ હતા.

બરકોટ પહોંચતાં અંધારું થઈ ગયું. એટલે ત્યાંના લોકલ માણસને પૂછ્યું. ઉત્તરકાશી જવાનો રસ્તો કેવો છે ? તો જાણ્યું, ૪૦ કી.મી.નો રસ્તો તદન જંગલમાંથી પસાર થાય છે. અને ઉત્તરકાશી અહીંથી ૮૫ કી.મી. જેટલું દૂર છે. સાથે જણાવ્યું સાહસ કરવા કરતાં સવારે નીકળવું જ યોગ્ય ગણાય. પરંતુ પૂ. 'મા'ની યોજનામાં અહીં રોકાવાનું ન હતું. એટલે સૌએ નક્કી કર્યું, 'જે થશે તે જોઈ લઈશું. પણ નીકળી જઈએ.' રાત્રિના અંધારામાં પર્વતીય જંગલમાંથી પાંચ બાઈક પસાર થઈ રહી હતી. રસ્તામાં એક પણ વાહન જોવા ના મળ્યું. રસ્તા સાંકડા પણ પ્રમાણમાં ઘણા સારા હતા. રાત્રે ૯ વાગ્યે ઘરાસુ બેન્ડ પહોંચ્યા. હજી ૩૦ કી.મી. ઉત્તરકાશી હતું. પણ અહીંથી રસ્તા ખૂબ જ પહોળા અને રીફલેકટરવાળા હતા. એટલે સૌ ૮૦ની સ્પીડની મજા સાથે ઉત્તરકાશી પહોંચી ગયા. આજે આખા દિવસની રાઈડ વિવિધતા ભરી હતી. એમાંય આ છેલ્લા અડધા કલાકની ઝડપના આનંદે એક અનોખા અનુભવની ગરજ સારી પદયાત્રા વખતે જ્યાં ઉતર્યા

હતા. ત્યાં જ ઉતારા માટે વાત કરી દીધી હતી. ૧૦ાા વાગે બજારમાં ભોજન લઈ ઉતારા પર પહોંચ્યા. સરસ ઘર જેવું આ સ્થાન હતું.

અહીંથી બરાબર ૧૦૦ કી.મી. ગંગોત્રી છે એટલે બીજે દિવસે રાત્રે પણ પાછું અહીં જ આવવાનું હોઈ સૌએ વસ્ત્રો ધોવાનાં પ્રોગ્રામને ન્યાય આપ્યો. આ સ્થાન ગંગાકિનારે હોઈ સૌએ ગંગાજીદર્શન સાથે અગાસીમાં પ્રણામ અને સમૂહપ્રાર્થના કરી અને ૯ના સુમારે ગંગોત્રી માટે પ્રસ્થાન કર્યું. રસ્તામાં દેખાતા કુદરતી સૌંદર્યની રમણીયતાનું વર્ણન શબ્દોમાં કરવું મુશ્કેલ છે. મોટા ભાગનો માર્ગ પર્વતીય જંગલ અને ગંગાજીના અપ્રતિમ સૌંદર્યથી ભરપૂર છે. દ્રશ્યોને માણતાં માણતાં પેલા ગીતની યાદ આવી.

'યે કૌન ચિત્રકાર હૈ ? હરી હરી વસુંધરા પે નીલા નીલા યે ગગન.' ગંતવ્યસ્થાને પહોંચવા કરતાં ત્યાં સુધી પહોંચવાના રસ્તે બાઈક સવારી કરી જવાનું આકર્ષણ વધારે રહેતું. આ દશ્યોને જોતાં એમ જ લાગતું કે, ઈશ્વર ક્યાં નથી ? ગંગોત્રીના રસ્તે ઘણા વ્યૂ પોઈન્ટ આવે છે. એટલે દરેકને ફોટાનો ન્યાય આપતા દોઢેક વાગ્યે ગંગોત્રી પહોંચી ગયા. અહીં પણ epass ચેક કર્યા. અડધો કી.મી. મુખ્ય બજારમાંથી પસાર થઈ મંદિરે પહોંચ્યા તો જાણવા મળ્યું કે મંદિર ૩ વાગે ખૂલશે એટલે નીચે ગંગાકિનારે જઈ ફોટા અને પ્રાર્થના સાથે સમયનો સદ્‌ઉપયોગ કર્યો. નિલેશે ગંગાજીની ધૂન પણ ગવડાવી. અહીં પણ બિલકુલ ભીડ ન હતી. ફક્ત ૧૫-૨૦ જેટલી વ્યક્તિ લાઈનમાં હતી. અમારો નંબર આવ્યો એટલે મંદિર સામે થોડી જગ્યા હતી ત્યાં મેં પ્રણામ ચાલુ કર્યા. મારી પાછળ સૌ ત્યાં આવ્યા. સીક્યોરીટીવાળો જોતો હતો પણ પ્રણામ કરતા હતા એટલે કાંઈ બોલ્યો નહીં. અને નિલેશે, પૂ.'મા' એ રચેલું "જય શ્રી ગંગા માતા" વાળું પદ ગાવાનું શરૂ કર્યું અને મહર્ષિ હાથ જોડીને ઊભો



હતો તો પૂજારી અચાનક એને દરેક મૂર્તિ અને પ્રતિમાનું માહાત્મ્ય સમજાવવા લાગ્યો. જાણે અમે કોઈ વિશેષાધિકાર લઈને આવ્યા હોઈએ ! આ થોડું અચરજ પમાડે તેવું હતું. પણ આપણે તો પૂ.'મા'નાં બાળકો ! ગંગામાતા આટલું તો કરે જ ને આપણા માટે ? સાચે જ આને એક અવનવો અનુભવ કહી શકાય.

દરેક સહયાત્રીઓમાં કાંઈને કાંઈ વિશેષતા હતી અને એટલે જ જાણે યાત્રા માટે પસંદગી પામ્યા હોય એવું લાગ્યું. વૈભવ અને મહર્ષિમાં યુવાનીના જોશ સાથે ઉભરાતા આત્મવિશ્વાસની ઝલક જોવા મળતી દરેક વાતને હકારાત્મક અભિગમ સાથે અપનાવવાની સૂઝ હતી. તો ડૉ.દેવર્ષિમાં સાવચેતીના સૂર સાથે સહાયતાની તત્પરતા નજરે પડતી. એના મનમાં એક જ વાત હંમેશાં રહેતી કે હું કોઈને કેવી રીતે મદદરૂપ થાઉં ? આંખના પલકારામાં કોઈની પણ સાથે મિત્રતા કરવાની આગવી આવડત એની પાસે હતી. હેમીશે ક્યારેય બુલેટ બાઈક ચલાવી ન હતી. છતાં પોતાના બાઈક પાછળ કેરિયર ફીટ કરાવી સામાનના થેલા સાથે યાત્રા દરમ્યાન પૂ.'મા' પ્રત્યેની શ્રદ્ધાનું દર્શન કરાવતો નાની નાની બાબતોનું પણ ચોકસાઈપૂર્વક ધ્યાન દોરતો. તો વળી ભાઈ નિલેશના સાહસિક સ્વભાવને તો સલામી ભરવી જ રહી. સૌની અંદર પૂ.'મા' પ્રત્યેની શ્રદ્ધાને લીધે જ આવી સાહસયાત્રામાં પણ નિશ્ચિંતતા જોવા મળતી. અને નિઃસંદેહપણે પૂ.'મા' એ દિવ્ય શક્તિથી આખી યાત્રાનું સંચાલન કર્યું એ અમે સૌએ અનુભવ્યું.

લગભગ સાડા ચાર વાગ્યે અમે ગંગાજીની વિદાય લઈ ઉત્તરકાશી જવા માટે નીકળ્યા વાદળ ખૂબ ઘેરાયેલા હતાં જાણે હમણાં જ ધોધમાર વરસાદ તૂટી પડશે. પણ પૂ.'મા'એ જાણે અમારી રક્ષા કરી અને ઝડપથી અમે થોડા નીચે ઉતરી ગયા વચ્ચે

એકાદ હોલ્ટ લઈને ૯ વાગ્યાની આસપાસ ઉત્તરકાશી પહોંચી ગયા. ઉતારાવાળા ભાઈએ તરત જ અમને પ્રશ્ન પૂછ્યો. 'રસ્તે, તમને ક્યાંય વરસાદ ના નડ્યો? અમે કહ્યું 'ના' તો એણે કહ્યું; 'તમે નસીબદાર છો. અહીં તો બે-અઢી કલાક ધોધમાર વરસાદ પડ્યો. એને કેવી રીતે સમજાવવું કે સૌના નસીબ ઘડનારાના અમે વિશેષ કૃપાપાત્ર સંતાનો છીએ.'

બીજે દિવસે અમારે કેદારનાથ માટે સોનપ્રયાગ પહોંચવાનું હતું. એટલે સવારે જલ્દી પરવારી પ્રાર્થના કરી, ઉત્તરકાશીથી પ્રસ્થાન કર્યું. રસ્તે થોડા વરસાદના છાંટા પડવા લાગ્યા તો પ્રાર્થના થઈ કે, 'મા' આજે વરસાદ આવશે તો અમારો બધો સામાન પલળી જશે, જોઈએ તો કાલે પાડજો કાલે અમે થોડી તૈયારી કરી લઈશું અને સાચે જ વરસાદ બંધ થઈ ગયો ! ૫ વાગે તિલવારાથી આગળ epass ચેકિંગ પોસ્ટ આવી અમારી પાસે કેદારનાથનો epass ન હતો. એટલે કહ્યું; 'અમારે તુંગનાથ જવું છે. એટલે એક પાસ આપી જવા દીધા. પણ ઉખીમઠના પૂલ પાસે સોનપ્રયાગ જવાના રસ્તે કડક પોલીસચેકિંગ હતું. પાસ વગર કોઈને પણ આગળ જવા દેતા ન હતા. શિવભક્ત ડૉ.દેવર્ષિ થોડો નિરાશ થયો. ને કહ્યું કેદારનાથ તો જવું જ છે. પણ સંજોગોને જોતાં એ શક્ય લાગ્યું નહિ. ત્યાં લગભગ હજારથી પણ વધારે માણસોનો જમાવડો થઈ ગયો હતો. ઘણા બસ લઈને પણ આવ્યા હતા. પરંતુ કૉર્ટનો ચુકાદો હતો એટલે મંજૂરી મળવી મુશ્કેલી હતી. ૩ કલાક બગાડ્યા પછી નક્કી કર્યું, ચોપતાનો રસ્તે આગળ કોઈ જગ્યાએ રોકાઈ જઈએ. ઑનલાઈન તપાસ કરી, એક સ્થાન પસંદ કર્યું પણ ભૂલથી ફોન બીજે લાગી ગયો છેવટે ઉખીમઠથી ૧૨ કી.મી. અને મૂળ રસ્તાથી ૨ કી.મી. અંદર અંતરિયાળ રસ્તે ત્યાં પહોંચ્યા તો ખબર પડી કે આ તો ટૅન્ટ છે અને



૧૦૦ મીટરની ચઢાઈ ઉપર છે પણ મોડીરાતે અમારી પાસે રોકાયા સિવાય છૂટકો ન હતો. થાક ને કારણે નિદ્રાએ તરત જ પોતાનું સામ્રાજ્ય જમાવી દીધું. સવારે સૂર્યપ્રકાશમાં લોકેશન સારું લાગ્યું. જાણે એક નવો અનુભવ કરાવવા માટે પૂ.'મા'ની જ યોજના લાગી. સૌંદર્યને જ ઈશ્વરનું પ્રતીક માની સાદના પદો સાથે સૌએ ખુલ્લામાં પ્રણામ કર્યા હું ને નિલેશ ફરી એકવાર ચૅક પોસ્ટ આવ્યા કદાચ કોઈ મેળ પડે ને જવાની અનુમતિ મળે પરંતુ પૂ.'મા'ની યોજના જુદી હતી. હેમીશે પણ આશિષભાઈ ગોહિલના સંપર્કમાં રહી પ્રયત્ન ચાલુ રાખ્યા હતા અને બપોરે નક્કી કર્યું કે બદરીનાથ જવા નીકળી જઈએ અને રાત સુધી જોષીમઠ પહોંચી જઈએ. લગભગ ૪ વાગે ચોપતા પહોંચવાની તૈયારી કરી હતી ને વાદળ ઘેરાયાં. મને મારી પાર્થના યાદ આવી અને લાગ્યું કે, હવે આજે તો વરસાદ જરૂર આવશે. ત્યાં જોયું તો હેમીશ સામાન ઉપર એક મોટુ પ્લાસ્ટિક બાંધવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. મેં પૂછ્યું આવડું મોટું પ્લાસ્ટિક ક્યાંથી લાવ્યો ? તો કહે, એક બહેને 'કામ લાગશે' એમ કહી આવ્યું હતું. ભગવાન કયાં કોને નિમિત બનાવીને કેવું કામ કરાવે તે કહેવું અઘરું છે. પ્લાસ્ટિક બંધાઈ ગયું. ને અમે પણ રેઈનકોટ અને બરસાતીથી સજ્જ થયા. એટલે વરસાદ મન મૂકીને વરસવા માંડ્યો. એ રીતે સામાનની રક્ષા થઈ પણ મહર્ષિ થોડો ભીનો થઈ ગયો જેથી એને પગમાં ઠંડી લાગવા માંડી એટલે ફરી 'પૂ.'મા'ને પ્રાર્થના કરી કે હવે આટલો અનુભવ પૂરતો છે. વરસાદને શાંત કરો. અને ખરેખર વરસાદ મંદ પડ્યો ને ઝડપથી સૌ ગોપેશ્વર પહોંચી ગયા. પેટ્રોલપંપની સામે એક રેસ્ટોરંટની બહાર જલેબી બની રહી હતી. સૌએ ત્યાં સમોસા અને જલેબીથી ક્ષુધાને શાંત કરી. ૯ વાગ્યા સુધી જોશીમઠ પહોંચવાની ગણત્રી હતી. પણ ચમોલીથી થોડા આગળ પહોંચ્યા ને ખબર પડી કે

હેમીશના બાઈકનું પંચર થયું છે. એટલે બધાને પાછા ચમોલી આવવું પડ્યું પંચરવાળાને શોધીને એ કામ કરતાં ૨-૩ કલાક વીતી ગયા એટલે ચમોલી જ રોકાવાનું નક્કી કર્યું અને પછી જાણવા મળ્યું કે આગળ જોશીમઠના રસ્તે Land Sliding થયું છે. એટલે રસ્તા બંધ થઈ ગયા છે. જે હવે સવારે જ ખુલશે. બોલો હવે આને શું કહીશું ? 'પંચરલીલા' ?

ઉત્તરકાશીથી ગંગોત્રીની જેમ ચમોલીથી બદરીનાથ પણ ૯૫ કી.મી. છે એટલે દર્શન કરી રાતે પાછા ચમોલી જ રોકાવાનું નક્કી કર્યું. સવારે ૮ વાગે સમૂહપ્રાર્થના પછી સામાન હૉટેલમાં જ રાખી બદરીનાથ માટે નીકળ્યા ને જોષીમઠ થઈ લગભગ ૨ વાગે બદરીનાથ પહોંચ્યા તો અહીં પણ મંદિર ૩ વાગે ખૂલવાનું હતું એટલે ત્યાંથી ૪ કી.મી. દૂર ભારતની સરહદથી પહેલું ગામ 'માણા' હતું; જે 'ભારતનું છેલ્લું ગામ' પણ ગણાતું તેની ઉડતી મુલાકાત લઈ લીધી ને બદરીનાથના દર્શન માટે લાઈનમાં જોડાયા. યમનોત્રી અને ગંગોત્રી જેવી શાંતિનો અહીં અભાવ જણાયો. ખૂબ જ ઝડપથી દર્શન કરાવી બહાર મોકલી દીધા. દર્શન કરી લીધાના માનસિક સંતોષ સિવાય બીજું કાંઈ મળવાની શક્યતા ન હતી. આજકાલ દર્શન કરતાં ફોટાનું મહત્ત્વ વધી પડ્યું છે સૌ કોઈ બહાર સૅલ્ફી લેવામાં વ્યસ્ત જણાયું તો સીક્યોરીટીવાળા એમને ખદેડવામાં વ્યસ્ત હતા. અનેક પ્રયત્નોને અંતે ઉખીમઠના પ્રબંધક પાસેથી કેદારનાથ દર્શન માટે પરવાનગીપત્ર પ્રાપ્ત થયો પરંતુ હવે પ્રશાસન તરફથી જ પ્રતિબંધ હટાવી દેવાયો. કયાં પૂ.'મા'ની દિવ્ય શક્તિ કામ કરે ? ને ક્યાં આપણા સામાન્ય પ્રયત્નો ? પૂ.'મા'ની કૃપાને સમજવા દૃષ્ટિ કેળવવી પડે. એ કયાં, ક્યારે, કોને નિમિત્ત બનાવીને કામ કરે એ સમજવું અઘરું છે. શ્રદ્ધાનું ભાથું હોય તો થોડે ઘણે અંશે એ સમજી શકાય.



કેદારનાથના પટ ખૂલી જવાના સમાચારે ફરીથી સૌની અંદર નવો ઉત્સાહ ભરી દીધો. સવારની પ્રાર્થના કરી, ઝડપથી સોનપ્રયાગ પહોંચવાનું હતું. રસ્તામાં વૈભવની નાનકડી ભૂલને લીધે વળાંક પર સામેથી આવતાં બાઈકસવાર સાથે એની બાઈક ટકરાઈ. પૂ.'મા'ની કૃપાથી ક્યાંય નાનકડી ઈજા પણ થઈ ન હતી. પરંતુ સામેવાળાના મોબાઈલ અને બાઈકને થોડું નુકશાન થયું હતું એટલે એના ગુસ્સાનો પારો સાતમા આસમાને હતો ને વારંવાર અપશબ્દો બોલતો હતો. લાગતું ન હતું કે મામલો સહેલાઈથી થાળે પડે. અને અમારામાંના ૧ બાઈકની ચાવી લઈને જતો રહ્યો. તરત જ દેવર્ષિ અને મહર્ષિ એની પાછળ ગયા. લાગતું હતું કે ૨-૩ કલાક બગડશે. પરંતુ ફક્ત અડધા જ કલાકમાં બધું શાંતિથી પતાવીને એ પાછા આવી ગયા. જાણે શૂળીનો ઘા સોયથી પતી ગયો. દિવ્ય શક્તિ કયાં ને કેવા ચમત્કાર કરે એનું આ ઉત્તમ ઉદાહરણ હતું.

ફરી પાછું ચોપતા વેલીમાંથી પસાર થવાનું હતું આજે પૂર્ણરૂપે સૂર્યપ્રકાશ પથરાયેલો હોઈ એનું સૌંદર્ય અદ્ભુત લાગતું હતું. અહીં એને 'મીની સ્વીટ્ઝર્લેન્ડ' તરીકે ઓળખવામાં આવે છે.

બે દિવસ પહેલાં જ્યાં દર્શનાર્થીઓની ભીડ જામેલી હતી આજે ત્યાં બધું શાંત હતું કોઈપણ રોકટોક વગર સૌ કોઈ આવનજાવન કરી શકતું. સાડાચાર વાગ્યે ફાટા થઈ સોનપ્રયાગ પહોંચી ગયા. ત્યાંથી આગળ કોઈપણ અંગત વાહન લઈ જવાની મનાઈ હતી. એટલે બધાના બાઈક પાર્ક કરી જરૂરી થોડો સામાન સાથે રાખી, બાકીનો બધો સામાન ત્યાં જ એક રૂમમાં મૂકાવી દીધો. જીપ દ્વારા ગૌરીકુંડ પહોંચ્યા. કેદારનાથ પદયાત્રાનો માર્ગ ૫ વાગે બંધ થતો હોઈ અમને આગળ જવાની મનાઈ ફરમાવી. પણ અહીં પણ પૂ.'મા'ની કૃપાનાં દર્શન થયાં. થોડી વિનંતી બાદ એણે જવાની

પરવાનગી આપી. અહીંથી ૧૬ કી.મી.ની ચઢાઈ કેદારનાં દર્શનનું સુખ આપશે. હું, વૈભવ ને દેવર્ષિ ઘોડાના સહારે ૫ કલાકમાં કેદારનાથધામ પહોંચી ગયા. અહીંથી પણ ૨ કી.મી. દૂર કેદારનાથ મંદિર હતું. રાત્રે ૧૨ વાગ્યાનો સમય હતો બધું લગભગ શાંત જેવું હતું. ત્યાં સામેથી દેવર્ષિ પાસે એક છોકરો આવ્યો ને ૪ બેડનો રૂમ સારા ભાવે આપ્યો. તરત જ ફ્રેશ થઈને સૌ આરામનું વિચારતા હતા પણ દેવર્ષિનો શિવજી પ્રેમ એને કેવી રીતે શાંતિથી બેસવા દે. રાત્રે ૧ વાગે તૈયાર થઈને મંદિરના પ્રાંગણમાં ગયો. તે સવારે શિવજીને મળવાનો સમય નક્કી કરી લીધો. મંદિર ખૂબ સુંદર લાઈટથી સુશોભિત કર્યું હતું. સવારે પાંચ વાગે બાકીના ૩ આવી રહ્યા. તરત જ એમના માટે સૂવાની વ્યવસ્થા કરી આપી. દેવર્ષિ તો ફરી પાછો ૮ વાગે સ્નાનથી પરવારીને શિવજીને મળવા નીકળી પડ્યો. અમે સૌ ૧૧ વાગ્યે દર્શન માટે ગયા. ખૂબ જ વિશાળ પ્રાંગણમાં અનેક ભક્તો ફોટો અને વીડીયોમાં મગ્ન હતા. મંદિરનું લોકેશન અદ્ભુત લાગતું હતું આજુબાજુ લીલાછમ પર્વતો ને પાછળ શેષનાગની જેમ છત્ર ધરતા બરફના પર્વત એની શોભામાં અભિવૃદ્ધિ કરતા હતા. દર્શન માટે ખાસ ભીડ ન હતી. અંદર એક શીલારૂપે શિવજી સ્થિત હતાં. ભક્તોમાં યુવાનવર્ગ વધારે નજરે પડતો હતો અને ભગવાન કરતાં મંદિરનું આકર્ષણ વધારે લાગતું હતું. અમે સૌ એ પ્રાંગણમાં બેસી 'સુહાયે મસ્તકે ગંગા'ની સ્તુતિ અને બાવની તથા પ્રાર્થના કરી. ભક્તોનો કોલાહલ બહુ હતો એટલે ધૂન બોલવવાની ઇચ્છા ના થઈ. કેદારનાથનાં દર્શનસુખની પરિતૃપ્તિ પામી નીચે ઉતરવાની તૈયારી કરી મહર્ષિ સિવાય સૌ કોઈની ઇચ્છા હેલિકોપ્ટર દ્વારા નીચે જવાની હતી એટલે હું ને મહર્ષિ ઝડપથી નીચે ઉતરવા લાગ્યા. ને સાડા ચારે સોનપ્રયાગ પહોંચ્યા. તરત જ હરિદ્વાર જવા માટે વિદાય થયા. કારણ હરિદ્વાર



૨૨૦ કી.મી. હતું. લગભગ સૌની ઇચ્છા રાત્રે મોડા પણ હરિદ્વાર પહોંચવાની હતી. કારણ બીજા દિવસે બપોરની ટ્રેન હતી. પરંતુ પૂજ્ય 'મા'ની યોજના અલગ હતી. આટલી સરસ અને સુખરૂપ યાત્રાને અંતે આપણા સૌ માટે મહાન તીર્થ એવી કુટિયાના દર્શન વગર યાત્રાની પૂર્ણાહુતિ કેવી રીતે કરી શકીએ. એટલે પૂ.'મા'એ પંચરલીલાની જેમ પૅટ્રોલલીલા કરી અને મહર્ષિના ધ્યાન બહાર દેવપ્રયાગ આવતાં પહેલાં અમારા બાઈકનું પૅટ્રોલ ખતમ થઈ ગયું. પર્વતીય વિસ્તારમાં રાત્રે પેટ્રોલ મળવું મુશ્કેલ હતું. ત્યાં જ પૂ.'મા'નો ફોન આવે છે કે 'રાત્રે દેવપ્રયાગ રોકાઈ જાવ.' અહીં વાત ખાસ નોંધવા જેવી એ લાગી કે અમે રોજ ૮ કલાક જેવું બાઈક ચલાવતા છતાં એવું એકપણ વાર નથી બન્યું કે અમે બાઈક ચલાવતા હોઈએ ને પૂ.'મા'નો ફોન આવી ન ગયો હોય ! જ્યારે પણ વિરામ માટે ઊભા રહીએ ત્યારે જ આવે. જે શ્રદ્ધાળુ હશે તે આ વાતને સહેલાઈથી સમજી શકશે.

સવારે ૧૦ વાગે સૌ પ્રભુની કુટિયામાં જઈને પ્રણામ બાવની ને પ્રાર્થના સાથે યશસ્વી યાત્રાની સફળતાના સૂત્રધાર એવા આપણા પ્રભુનો આભાર માન્યો. કુટિયાનાં દર્શન વગર યાત્રાની પૂર્ણાહુતિ કરવાનો વિચાર એ અમારી ભૂલ હતી. જે પૂ.'મા'એ પૅટ્રોલલીલા સર્જી સુધારી દીધી. સાચું કહું તો અમારે ઉતારો તો ઠીક પણ ભોજન પણ ક્યાં લેવું એ પણ પૂર્વયોજિત હોય એવું લાગ્યું. સાચે જ એક અકલ્પનીય યાત્રાના સાક્ષી બનવાનું સદ્ભાગ્ય મળ્યું. પૂ.'મા'ની દિવ્યતાને સમજી શ્રદ્ધાને પરિપક્વ બનાવવાનો અવસર મળ્યો. "'મા' સદાયે અમને તમારા શરણમાં રાખજો. તમારી દિવ્ય કૃપાને સમજવાની શક્તિ આપજો."

**—શ્રી રાજીવભાઈ જાની**

## ॥ પ્રતીક્ષા કરે એ 'મા' ॥

પરમ પૂજ્ય શ્રી 'મા' મુંબઈ શ્રી મધુભાઈને ત્યાં બિરાજમાન હતાં. કોઈ જાહેર કાર્યક્રમ ન હતો પણ ગુરુપૂર્ણિમાના પાવનદિને પૂ.શ્રી'મા'ના દર્શને જવાનું અમે છ બેનોએ નક્કી કર્યું. તે મુજબ અમે સૌ વાવ મુકામે ભેગા થયાં. પૂ.'મા'ને કે યજમાનને અમે જણાવ્યું નહોતું. રાત્રે ખૂબ જ વરસાદ પડ્યો અને સવારે પણ ચાલુ જ હતો. ઉત્સાહભેર સૌ સુરત રેલ્વે સ્ટેશન જવા માટે નીકળ્યા. ગાડીમાં મૂકવા આવનાર ભાઈ કહે; 'ના જાઓ તો સારું કારણ, બધી ટ્રેનો સમય કરતાં મોડી ચાલી રહી છે.' છતાં જવું જ હતું એટલે એ ભાઈના સૂચન ઉપર કોઈએ ધ્યાન ન આપ્યું. સુરતમાં પુષ્કળ પાણી ભરાયાં હોવાથી મુકવા આવનાર ભાઈ ૨ કિલોમીટર દૂર મૂકીને નીકળી ગયા. હવે પાણીમાં પદયાત્રા શરુ થઈ, કમ્મર સુધીના પાણીમાં વરસતા વરસાદમાં ચાલીને સુરત રેલ્વે સ્ટેશન સુધી તો પહોંચી ગયા. સાદી ટિકિટ લેવાઈ ગઈ. બે કલાકે જે પહેલી ટ્રેઈન આવી તેમાં બેસી ગયા. જંગ જીતી ગયાના આનંદ સાથે ઊતરી ગયા બોરીવલી સ્ટેશન પર ત્યાં જ ટિકિટચેકરે ટિકિટ માગી. ત્યારે જાણ્યું, કે અમે તો સાદી ટિકિટમાં સુપરફાસ્ટ ટ્રેઈનમાં મુસાફરી કરીને આવ્યા. દંડ માટેની રકઝક કરતાં કરતાં દંડ ભરી અમે જેમ તેમ બોરીવલી સ્ટેશનથી બહાર નીકળીને પૂ.શ્રી'મા'ના ઉતારે પહોંચી ગયાં. રિક્ષામાંથી ઊતરતાં જ અમે શું જોયું ? પૂ.'મા' બારી પાસે અમારી વાટ જોતાં ઊભાં હતાં. ઘરમાં જતાં જ શ્રી નીલાબેન કહે; 'પૂ.'મા' આજે સવારથી બારી પાસે જ ઊભાં હતાં.' વિકટ પરિસ્થિતિમાં પણ અમારો પૂ.'મા'નાં દર્શને જવાનો



સંકલ્પ પૂ.'મા'એ કેવો પાર પાડ્યો અને અમારી રાહ જોતાં ઊભેલાં પૂ.શ્રી 'મા'નું દર્શન આજે પણ એવું જ હૂબહૂ છે.

**–શ્રી દીપિક્ષા ભક્ત(અમેરિકા)**

## ॥ અંતર્યામી 'મા'નો અનુગ્રહ ॥

પાંચ વરસ પહેલાં એક મહિના માટે ભારત ગઈ હતી. કારણ કે મારા બાપુજીની તબિયત સારી રહેતી ન હતી. એટલે એમ થયું કે હું બાપુજી સાથે એક મહિનો કર્પૂરવન રહી આવું. 'સ્વર્ગારોહણ' પૂ.'મા-પ્રભુ'નાં દર્શને ગઈ. પૂ.'મા' સાથે વાત કરી કે ખાસ બાપુજી સાથે રહેવા આવી છું. ફરી 'સ્વર્ગારોહણ'થી કર્પૂરવન ગઈ અને અમેરિકા આવવાના બે-ચાર દિવસ પહેલાં ફરી 'સ્વર્ગારોહણ' ગઈ અને રાત્રે ઑફિસમાં ડાયરીમાં પૂ.'મા'ને મેસેજ લખ્યો કે, ''હે મા ! હું હવે અમેરિકા પાછી જાઉં છું.'' તો, પૂ.'મા'એ રાત્રે જ મને બોલાવીને બાપુજીના સમાચાર પૂછ્યા તો મેં કહ્યું કે બાપુજી કહે છે કે ''બેન, તું અમેરિકા જતી રહેશે તો અમારું કોણ ?'' એટલે પૂ.'મા' કહે, ''રહી જા, લાવ મહુને ફોન કરું કે લતા હમણાં નથી આવવાની.''

એટલે ફરી કર્પૂરવન ગઈ. ત્યાં બાપુજીની તબિયત વધારે બગડવા લાગી અને એક મહિનામાં તો બાપુજીએ વિદાય લીધી. ત્યારે મને ખબર પડી કે પૂ.'મા'એ મને શા માટે ભારત રહી જવા માટે કહ્યું.

અંતર્યામી પરમ કૃપાળુ હે મા ! તમારા અનુગ્રહથી જ ભારત રહી શકી અને બાપુજીની અંતિમ વિદાય સુધી તેમની

સેવા કરી શકી. હે 'મા' ! આપના ચરણોમાં કોટી કોટી પ્રણામ.

**–શ્રી લતા ભક્ત ટેકસાસ(અમેરિકા)**

❀

## ॥ મારા અચંબાનો પાર જ ના રહ્યો ॥

સૌ પ્રથમ ઈ.સ.૧૯૯૧માં જ્યારે અંબાજીમાં શિબિર થઈ હતી ત્યારે હું શ્રી 'મા'ને પત્ર લખીને મનની વાત કહેવાની હતી, તો શ્રી'મા' પોતે જ પત્ર લેવા આવી ગયાં ! મારા અચંબાનો પાર જ ના રહ્યો.

મુંબઈમાં હું સિદ્ધિવિનાયકનાં દર્શન કરીને શ્રી 'મા'ના દર્શન કરવા ગઈ હતી તો શ્રી 'મા' કહે; સિદ્ધિવિનાયકનાં દર્શન કરી આવ્યાં ? મારા અચંબાનો પાર જ ના રહ્યો.

મુંબઈમાં એકવખત શ્રી'મા'એ શંકરભગવાનના એક વિશિષ્ટ સ્વરૂપનાં દર્શન એક પુસ્તકમાં કરાવ્યાં. મેં કહ્યું; 'મને આ સ્વરૂપ બહુ ગમે છે' તો શ્રી 'મા' કહે; 'એટલે જ તો બતાવું છું.' મને તો થયું આ 'મા' તો આપણા અંતરતમમાં રહેલી વાત પણ જાણી લે છે.

મુંબઈમાં એક સવારે શ્રી 'મા'ને પ્રાર્થના કરતી હતી, આંખમાંથી દડદડ આંસુ પડતાં હતાં. શ્રી'મા' અમેરિકા હતાં. તરત શ્રી'મા'નો ફોન આવ્યો અને કહ્યું; 'અમે તમને યાદ કરીએ છીએ.'

સ્વર્ગારોહણમાં શ્રી'મા' હંમેશાં કાર્યરત હોવા છતાં અમને સંતોષ થાય તે પ્રમાણે તેમના દર્શનનું સાન્નિધ્ય અને માર્ગદર્શન આપે છે. આજે શ્રી'મા'ના આશીર્વાદથી હું બંને પગે ઑપરેશન છતાં મુક્ત રીતે ચાલી શકું છું.



અમારી અનેક સમસ્યાઓમાં પૂજ્યશ્રી 'મા'નો પ્રેમ આશ્ચર્યકારક રીતે પ્રસન્નકર રહ્યો છે. શ્રદ્ધા, સમર્પણ, ક્ષમા, પ્રેમના તેઓશ્રીએ શીખવેલા પાઠ મારા જીવનના ધ્રુવતારક બની રહ્યા છે.

**–શ્રી ભારતીબેન(મુંબઈ)**

❀

## ॥ પૂજ્યશ્રી'મા'ની પ્રાર્થનાનું રક્ષાકવચ ॥

૨૦૧૯માં પૂ.'મા' કૅનેડાથી ભારત જતાં પહેલાં, ટોરેન્ટો ધ્યાનકેન્દ્રના દરેક ભક્તના ઘરે પધાર્યા અને પૂ.'મા' ૫ થી ૧૦ મિનિટ દરેકને ઘરે રોકાઈ, દરેક ભક્તના દેવસ્થાનમાં જઈ 'વરદ હસ્ત'ની પ્રાર્થના કરી અને જે ભક્તોનાં ઘરો બંધ હતાં, ના મળ્યા, તો તેમના દ્વારે પણ જઈ પૂ.'મા'એ 'વરદ હસ્ત'ની પ્રાર્થના કરી. પાછળથી જાણવા મળ્યું કે પૂ.'મા' એ કેમ બધા ભક્તોના ઘરે જઈ પ્રાર્થના કરી. કારણ હમણાંના તાજા અનુભવ પ્રમાણે દુનિયામાં કોવિડ-૧૯ની મહામારી ફાટી નીકળી તો દરેક ભક્તોની આગોતરી રક્ષા માટે પૂ.'મા'એ એ રીતે પ્રાર્થના કરી.

તો આજે એ 'વરદ હસ્ત' પ્રાર્થના અને પૂ.'મા'ના શ્રી ચરણોથી યોગેશ્વર ધ્યાનકેન્દ્રના દરેક ભક્તો રક્ષાયેલાં રહ્યાં અને બધાંનાં ઘરો પૂ.'મા'નાં પધારવાથી જાણે તીર્થસ્થાન (મંદિર બની ગયાં) આ ઉપરથી હું કહું છું કે પૂ.'મા' અગાઉથી જ ભવિષ્ય જાણી શકે છે. આ સૌનો તાજો અનુભવ છે.

પૂ.'મા' કંઈક પણ આપણને સંકેત કરે તો તેની આજ્ઞાનું પાલન આપણે કરવું જોઈએ. તો આપણે નાની મોટી મુશ્કેલીઓ કે મૂંઝવણમાંથી બચી જવાય અને આપણો માર્ગ સરળ બની જાય.

**–શ્રી રંજનબેન લાડ(ટૉરેન્ટો)**

## ॥ અંતર્યામી 'મા' સર્વેશ્વરી ॥

ઘણા સમયથી મનમાં ઈચ્છા હતી કે પૂજ્ય ગુરુદેવ પ્રભુની આત્મકથા ''પ્રકાશના પંથે''નું નિયમિત પારાયણ કરવું છે. પરંતુ પુસ્તક તો વડોદરાના ઘરમાં ને અમે ફિનિક્સમાં એટલે ભારત જઈએ ત્યારે ''પ્રકાશના પંથે'' લાવીશું એવું મન મનાવ્યું.

એવામાં પૂજ્ય'મા'નાં દર્શન કરવા, પોકોનો જવાનું સદ્ભાગ્ય મને ને પ્રકાશને મળ્યું. બે દિવસ સરોવરના તટ પર પૂજ્ય'મા'ના દર્શન-સત્સંગમાં પલકવારમાં વીતી ગયા. પાછાં આવતી વખતે, પૂજ્ય'મા'એ પ્રેમથી આશીર્વાદ આપ્યા. ને સાથે ''પ્રકાશના પંથે'', પૂજ્ય'મા'ના સરવરતીર્થમાં રચાયેલા બે પદની કૉપી, પ્રસાદ, દિવાળી પછી ગયેલાં એટલે લક્ષ્મીજી, ને ''શ્રી યોગેશ્વર લીલામૃત'' વગેરે આપ્યાં. ને પછી ''ૐ મા રક્ષમામ''નો અમોઘ મંત્ર લખેલ ખેસ ધારણ કરાવ્યો. શ્રી શિપ્રાબેનને પૂજ્ય'મા'એ કહ્યું, ''બન્નેને નાસ્તો કરાવીને મોકલજો.'' પછી પૂછ્યું ''ફિનિક્સની ફ્લાઈટ કેટલા કલાકની છે ?'' અમે કહ્યું, ''પાંચ કલાક'' એટલે પૂજ્ય'મા'એ તરત કહ્યું કે, ''જે પુસ્તકની તું રાહ જોતી હતી, તે પુસ્તકનું વાંચન કરવાનો, સરસ સમય રસ્તામાં મળશે.''

પૂજ્ય'મા'ને કોણે કહ્યું કે હું એ પુસ્તકની રાહ જોતી હતી ? હે અંતર્યામી 'મા' આપના ચરણકમળમાં કોટિ કોટિ પ્રણામ.

**–શ્રી મીના કોટેચા**

❋



## ॥ ઈષ્ટદેવને જ ભજો ॥

પરમ પૂજ્ય'મા'ને પ્રણામ કરીને બેઠાં હતાં. મારી સાથે અમારા એક ઓળખીતા ભાઈ પણ આવેલા હતા. મારા કુટુંબમાં અને સાથે આવેલ ભાઈ પણ સાંઈબાબાની ઉપાસના કરતા. પણ એ બાબતે પૂજ્ય'મા' સાથે કોઈ વાત નહિ થયેલી. પૂજ્ય'મા'ની એ પ્રથમ દર્શનની પૂર્ણાહુતિ સમયે પૂજ્ય'મા'એ અમને એક પુસ્તક આપ્યું. તે પુસ્તક પૂજ્ય શ્રી યોગેશ્વરજી લિખિત ''સાંઈ સંગીત'' હતું. મને અને મારી સાથે આવેલા ભાઈને ખૂબ જ અચરજ અને આનંદ થયો કે પૂજ્ય 'મા'એ આપણને આપણા જ ઈષ્ટદેવની સ્તુતિ કરવા જાણે પ્રેરિત કર્યા !

**–શ્રી ઉપાસના ભાવસાર(અમેરિકા)**

❋

## ॥ પૂજ્ય'મા'ની દિવ્યદૃષ્ટિ ॥

માર્ચ ૧૯૯૪માં પૂ.'મા' પાસે હરિદ્વાર જવાનો અમૂલ્ય લહાવો મળ્યો. મારી ઉમ્મર ૧૦ વર્ષની હતી. વાતાવરણમાં ફેરને કારણે મારી તબિયત નાદુરસ્ત હતી. શરીરમાં પાણી પણ ટકતું નહીં અને ખૂબ અશક્તિ હતી. બીજા દિવસે સૌ ભક્તો દેવપ્રયાગની યાત્રાએ જવાના હતા. મારી યાત્રાએ જવાની ઘણી ઈચ્છા હતી.

પૂ.'મા'એ જાણે મારી અંતરની પ્રાર્થના સાંભળીને મને પ્રસાદરૂપે બે બદામ આપી. એવું લાગ્યું કે જાણે પ્રભુએ સંજીવની આપી. અશક્ત શરીરમાં એવો શક્તિનો સંચાર થયો કે દેવપ્રયાગ પહોંચવું તો શું, ત્યાં પ્રભુની પાવન કુટિરે ૧૦૦ દંડવત પ્રણામ પણ શક્ય બન્યા. નાનકડી વયથી આ પ્રસંગ મારા સ્મૃતિપટ પર

અંકિત થઈ ગયો છે. પૂ.'મા' સર્વસમર્થ છે.

ઑક્ટોબર ૨૦૦૩માં હું મારો ઈજનેરીનો અભ્યાસ ઔરંગાબાદમાં કરતો હતો. ત્યાં પાસે એક વૈષ્ણવીદેવીનું સરસ નાનકડું મંદિર સ્થિત છે. પ્રથમ નોરતાનો પાવન દિવસ હોવાથી અમે સૌ સહપાઠી ત્યાં દર્શન કરવા ગયા. ભારે ધક્કામુક્કી પછી માંડ માતાજીની દિવ્ય મૂર્તિનાં દર્શન કરવાનો વારો આવ્યો. ત્યાં સુધીમાં મંદિરના ચોકીદારે સૌ વિદ્યાર્થીઓ સાથે ખરાબ વર્તન કરી, ત્યાંથી ખસી જવા કહ્યું. મને મનમાં લાગી આવ્યું. ''આ ભાઈ મને ફક્ત માતાજીનાં સ્વરૂપનાં દર્શન કરવા માટે આ રીતે હડધૂત કરે છે ? લાવ, હું 'મા' વૈષ્ણવીદેવી સાથે સીધો સંપર્ક સાધું.'' એમ વિચારી મેં નજીક આવેલ STD ફોન કેબિન પાસે જઈને સીધો 'સ્વર્ગારોહણ' અંબાજી નંબર જોડ્યો. મોટાભાગે તે વખતે એવું બનતું કે 'શ્રી ઘનશ્યામ કાકા' ફોન પર ભાવિક ભક્તોનો સંદેશ લઈ પૂ.'મા'ને પહોંચાડતા. એવું જવલ્લેજ બને કે પૂ.'મા' પોતે ફોન પાસે હોય. પણ આ તો એક બાળભક્તોનો પોકાર હતો તો પૂ.'મા' કેવી રીતે ટાળે ? જેવો મારો ફોન લાગ્યો કે તરત જ સામે ફોન પર પૂ.'મા'! મારા પ્રણામ પાઠવીને મેં સંક્ષિપ્તમાં અમારા સૌનાં થયેલ અપમાનના પ્રસંગની વાત કરી. મેં પૂ.'મા'ને કહ્યું, ''હું ચૅલેન્જ આપીને આવ્યો છું કે 'મા' વૈષ્ણવીદેવી સાથે સીધો સંપર્ક કરી આવું. મારે પ્રથમ નોરતે 'મા'ના આશિષ લેવા હતા.'' પૂ.'મા'એ એમના વાત્સલ્યભાવથી લખ્યું, ''આવી ચૅલેન્જ ફેંકતાં રહેવું !'' અને મને ખૂબ આશીર્વાદ આપ્યા. આ પ્રસંગે ફરીવાર એ વાત દૃઢ કરી કે પૂ.'મા'એક દિવ્ય શક્તિ છે અને આપણા અંતરની વાત જાણે જ છે.

**—શ્રી તેજસ ભટ્ટ(અમેરિકા)**



# ॥ દિવ્ય પ્રસાદીનું રક્ષાકવચ ॥

તા.૬-૨-૨૦૦૦ રવિવારે પૂજ્ય શ્રી'મા' મુંબઈ પધાર્યા હતા. મુંબઈ શ્રી મધુભાઈના ઘરે સત્સંગ અને દર્શનનો કાર્યક્રમ હતો. બે મહિનાની અંદર જ મારા લગ્ન હતાં. તો એક દિવસ એવો ભાવ થઈ ગયો કે હું બજારમાંથી ચાંદીનું ત્રિશૂળ ખરીદીને લાવી. બીજે દિવસે ધ્યાનકેન્દ્રના સમયે પૂજ્ય શ્રી'મા'નાં દર્શન થયા પછી પ્રણામ કરી, પૂજ્ય શ્રી'મા'નાં ખોળામાં ત્રિશૂળ અને ગુલાબનું ફૂલ અર્પણ કર્યાં પૂજ્યશ્રી'મા'નાં નેત્રો બંધ હતાં. પ્રણામ કર્યા પછી જવા માટે હું ત્યાંથી જવા દરવાજા સુધી ગઈ, ત્યાં મને કોઈએ બોલાવી, પૂજ્ય શ્રી'મા'ને પ્રણામ કર્યા તો પૂજ્ય શ્રી'મા'એ મારી સામે જોઈ અને લખ્યું 'આ ત્રિશૂળ તારી રક્ષા માટે જ છે માટે તું જ રાખ' એમ કહી ફૂલ અને ત્રિશૂળ મને આપ્યાં અને માથે પ્રેમથી હાથ મૂકી આશીર્વાદ આપ્યા. લગ્ન પછી અમદાવાદ આવી આ દિવ્ય પ્રસાદી મારા ગૃહમંદિરમાં પધરાવી છે; જે સતત મારી રક્ષા કરે છે, તે હું સતત અનુભવું છું.

પૂજ્યશ્રી'મા' ભક્ત બાળના જીવનમાંથી ક્યારે, કેવાં, ક્યાં કષ્ટો અને સંકટો દૂર કરે છે એ આપણે નથી જાણી શકતા. પણ 'મા' આપનામાં અમને અટલ શ્રદ્ધા છે.

'સદા સલામત નાવ અમારું પડે ભલેને આભ.' સર્વસમર્થ તમે છો અમને ચિંતા શાની હોય ?

**—શ્રી રેણુકા મહેતા યાજ્ઞિક (અમદાવાદ)**

## ॥ શ્રીશબ્દ પૂ. 'મા'ના ને સ્વર મારો ! ॥

ઈ.સ.૨૦૧૦માં હું પૂ.'મા' સાથે ઊટી અને કોડાઈ-કેનાલની યાત્રામાં ગઈ હતી. આ યાત્રામાં હું સૌથી નાની હતી એટલે પૂ.'મા' અને બધા વડીલો તરફથી મને ખૂબ પ્રેમ મળ્યો હતો. આ યાત્રામાં એક પ્રસંગ એવો બન્યો કે જે હું મારા સંપૂર્ણ જીવનમાં ક્યારેય નહીં ભૂલી શકું.

પૂ.'મા' પોતાના આવાસમાં બેસીને પોતાની નાની ડાયરીમાં કંઈક લખતાં હતાં. હું તે વખતે પૂ.'મા'નાં ઈસ્ત્રી-કરેલાં વસ્ત્રો મૂકવા ગઈ. પૂ.'મા'એ મને જોઈ એટલે બોલાવી અને ત્યાં બેસવા કહ્યું. પૂ.'મા' ડાયરીમાં પદ લખતાં હતાં. એમણે પહેલી બે લીટી લખી હતી, તે વંચાવી અને ગાવા કહ્યું. તેનાં શબ્દો હતા :

'આવ તને હું અંકે લઈ લઉં,
ઘા ઉપર બે ચુમી ભરી દઉં !'

આ રીતે મારી સમક્ષ જ આંખ બંધ કરી બે-બે લીટી, લખતાં જાય અને પછી મને ગાવાનું કહે. આ રીતે આખું પદ મારી સમક્ષ રચી મને તેના સાક્ષી બનવાનું સદ્‌ભાગ્ય બક્ષ્યું. ત્યારે ઉંમરમાં થોડી નાની હતી એટલે એટલી સમજ નહોતી કે મને સાક્ષાત્ માતા સરસ્વતીનાં દર્શન પ્રભુ કરાવી રહ્યા છે.

પણ જ્યારે આજે આ આખી ઘટનાને યાદ કરું છું ત્યારે એ જ સમયમાં પહોંચી જવાય છે. અને રોમાંચ થઈ ઊઠે છે.

**—શ્રી સુકૃતિબેન જાની(વડોદરા)**

❀

## ॥ જેવી પ્રાર્થના તેવો પ્રત્યુત્તર ॥

"છે સારથિપદ સોંપ્યું તમને પછી ચિંતા થાય જરાય નહિ."



આ પદ મને સતત જગાડતું રહે છે કે મોક્ષા તું ફક્ત 'મા-પ્રભુ'ની પ્રાર્થના કર, ચિંતન કર, ચિંતા તો એ કરશે. 'મા' મને કહે કે મોક્ષા 'મા'ને મિત્ર માને તો 'મા'ને બધું જ કહેવું પડે અને હું'મા'ને બધું જ શેર કરું. જીવનમાં કોઈપણ જગ્યાએ અટકું કે 'મા' ને ફક્ત યાદ કરું તો 'મા'નો કૉલ કે મેસેજ આવી જાય. મારાં બેસ્ટ ફ્રેન્ડ મારા 'મા'. "'મા'નું સખીસ્વરૂપ અનોખું મુજને લાગે મધથી મીઠું."

'મા'ની કૃપા આપણા પર સતત હોય છે જ. જ્યારે હું દસમામાં હતી ત્યારે મને રિઝલ્ટ વખતે ખૂબ ટેન્શન થતું હતું. હું તો સ્વર્ગારોહણ જ પહોંચી ગઈ કે કુટિયામાં 'મા-પ્રભુ' પાસે બેસીને જ રિઝલ્ટ જોઈશ. સ્વર્ગારોહણમાં જતાં જ પ્રદક્ષિણા અને પ્રાર્થના ચાલુ થઈ ગઈ. અને 'મા'એ મનમાં સ્ફુરણા કરી કે વરદ હસ્ત કરું, મનમાં પ્રાર્થના થઈ કે 'મા' હવે જેટલા વરદ હસ્ત કરું તેટલા ટકા આપજો. મને જેટલા ટકા જોઈતા હતા તે માટે મારી મહેનત ઓછી હતી પરંતુ મારાં 'મા' મારી સાથે ને પાસે, પોતાની મોક્ષાને જે જોઈએ તે આપે. ફક્ત પ્રાર્થના ને પ્રાર્થના. તેથી હું રાતે 'વરદ હસ્ત'ની પ્રાર્થના કરવા બેઠી, ૮૦ 'વરદ હસ્ત' કરી સવારે ૪ વાગે સુઈ ગઈ અને ૬ વાગે (ગાયત્રી ફોઈનો) ફોન આવ્યો, નીલામાસી મને ઉઠાડવા આવ્યા કે; 'મોક્ષા, તારા ૮૦ ટકા આવ્યા છે.' 'મા'નો ખૂબ ખૂબ આભાર માન્યો કે 'મા' આમ જ જોડે અને પાસે રહેજો. આવા ઘણા કૃપાપ્રસંગ મારા જીવનમાં બન્યા છે.

**—શ્રી મોક્ષા જોશી(વડોદરા)**

———❀———